જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૯-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ઉદ્યોગ જગતનો મહાકુંભ ગણાતા નવમી વાયબ્રન્ટ સમિટનું વડાપ્રધાને ઉદ્‌ઘાટન કર્યું

આખો દેશ ગુજરાત મૉડલને અનુસરે છેઃ પીએમ મોદી

ગાંધીનગર

વૈશ્વિક કક્ષાએ ગુજરાતને બ્રાન્ડ તરીકે સ્થાપિત કરનારી ઉદ્યોગ જગતની મહત્વની ઈવેન્ટ ગણાતા વાઈબ્રન્ટ સમિટની ૯મી એડીશનનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર ખાતે દેશ વિદેશના ટોચના ઉદ્યોગપતિઓ અને ડેલિગેટ્સની ઉપસ્થિતિમાં ભવ્ય ઉદઘાટન કરી દીધું છે. વાઈબ્રન્ટ કાર્યક્રમના પ્રારંભમાં ગુજરાતી ગીતોની સુરાવલી રેલાઈ હતી. કલાકારો દ્વારા સુમધુર સંગીતનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

વાઈબ્રન્ટ સમિટના ડાયસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત રાજ્ય અને દેશના ટોચના ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. વિજય રૂપાણીએ વાઈબ્રન્ટ કાર્યક્રમનું પ્રારંભિક સંબોધન અંગ્રેજીમાં કર્યું હતું ત્યારબાદ તેઓએ તમામ મહાનુભાવોને ગુજરાતીમાં સ્વાગતમ્ - સુસ્વાગતમ્ કહીને આવકાર આપ્યો હતો.

વાયબ્રન્ટ ગુજરાતમાં પીએમ મોદીએ પોતાનું ભાષણ આપ્યું હતું. ભાષણની શરૂઆત 'ભારત માતા કી જય'ના સૂત્રોચ્ચાર સાથે કર્યો હતો. તેમના ભાષણથી દેશવિદેશના મહાનુંભાવોએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. પીએમે વધુમાં કહ્યું કે, અહીં માત્ર ગુજરાતના જ નહીં વિવિધ દેશોના લોકોને જોઈને ગર્વ મહેસૂસ થાય છે. આ પ્રસંગ હવે દેશનો નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ બની ગયો છે.



વાઈબ્રન્ટ શુભારંભ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આંગણે આવેલા તમામ દેશ-વિદેશના મહાનુભવોનું સ્વાગત કરી જણાવ્યું હતું કે, ભારત એક ઝડપથી વિકાસ પામી રહેલો દેશ છે અને અહીં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના વાતાવરણને પગલે આગામી સમયમાં ભારત વ્યાપાર માટે સૌથી શ્રેષ્ઠ દેશ બની રહેશે. ભારતની ક્ષમતા તેમજ કૌશલ્ય ધરાવતા યુવાનો દેશની પ્રગતિના ભાગીદાર બનશે અને દેશ વધુ ઝડપથી વિકાસની હરણફાળ ભરશે. ભારતમાં એફડીઆઈનો ધોધ અવિરત રહ્યો છે. વિતેલા ચાર વર્ષમાં ૨૬૩ અબજ ડોલરનું વિદેશી ભંડોળ દેશમાં ઠલવાયું છે. વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, 'ભારતમાં જે નિયમિત આવે છે તેઓ પરિવર્તનને સ્પષ્ટ રીતે જોઈ શકે છે. છેલ્લા ચાર વર્ષમાં સરકારનું ફોકસ ગર્વનમેન્ટ પર ઓછું પરંતુ ગર્વનન્સ પર વધુ રહ્યું છે. રીફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ પર અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.' અમે અમારી સંપૂર્ણ કાર્યક્ષમતાને આડે રહેલા અડચણોને દૂર કરવા પ્રયાસ કર્યો છે. ભારત હવે કયારેય ના કરેલા વ્યાપાર માટે તૈયાર છે. અમે છેલ્લા ચાર વર્ષમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની વર્લ્ડ બેન્કની યાદીમાં ૬૫ રેન્કનો કૂદકો લાગાવ્યો છે. ૨૦૧૪માં રેન્ક ૧૪૨મો હતો જે હવે ૭૭માં ક્રમે છે. મે મારા સહયોગીઓને અપીલ કરી છે કે ભારતે આટલા ક્રમથી સંતોષ ના માનીને ટોચના ૫૦ દેશોમાં સ્થાન મેળવવા પ્રયાસ કરવો જોઈએ. મોદીએ જણાવેલ કે, જીએસટીથી ટેકસ માળખું સરળ બનાવ્યું છે. ટ્રાન્ઝેકશન ખર્ચમાં ઘટાડો થયો છે. એફડીઆઈમાં ભારત સૌથી વધુ ઓપન દેશોમાં સ્થાન ધરાવે છે. ૯૦ ટકા કરતા વધુ એફડીઆઈ રોકાણને ઓટોમેટિક રૂટથી માન્યતા આપવામાં આવે છે.

૬ કરોડ ગુજરાતીઓનુ સ્વપ્ન મારુ સ્વપ્ન છે, ગુજરાતમાં ૫-જી સર્વિસ શરુ કરીશુંઃ મુકેશ અંબાણી

ગાંધીનગર

ગાંધીનગર ખાતે નવમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ હાજર રહ્યા છે. વડાપ્રધાન મોદીએ આ સમિટને ખુલ્લી મૂકી હતી. સમિટ દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન મુકેશ અંબાણી ઉપસ્થિત રહ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને સંબોધન કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું કે, વાઈબ્રન્ટમાં ભાગ લેવો એ મારા માટે ગૌરવની વાત છે. છ કરોડ ગુજરાતીઓનું સપનું એ મારું સપનું છે. ગુજરાત આખા વિશ્વમાં સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાત રાજ્ય રિલાયન્સની જન્મ અને કર્મભૂમિ રહ્યું છે. આપણે આપણા ગુજરાતના સ્ટાર્ટઅપ, ફાયનાન્સ, ખેતી, સ્વાસ્થ્ય અને ટેક્નોલોજી તેમજ સ્માર્ટ ગામો બનાવવામાં નંબર એક બનાવવાનું છે.

મુકેશ અંબાણીએ વધુમાં જણાવ્યું કે, ×પીએમ મોદીના આગેવાનીમાં દેશનો વિકાસ ઝડપી બન્યો છે.× સાથે જ તેમણે કહ્યું હતું કે ડિજિટલ ગુજરાત માટે Jio પ્રતિબદ્ધ છે. મુકેશ અંબાણીએ એમ પણ જણાવ્યું હતું કે JIO નેટવર્ક ૫ય માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

વર્તમાન લોકસભાનો સમય ત્રણ જૂને સમાપ્ત થઈ રહ્યો છે

માર્ચ મહિનામાં યોજાઈ શકે છે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી...!!

ન્યુ દિલ્હી

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી ક્યારે યોજાશે તેને લઈને દેશભરના લોકોમાં ભારે જીજ્ઞાસા છે. રાજકીય પક્ષો પણ આ તારીખને લઈને આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે. પરંતુ લોકસભાની ચૂંટણી લગભગ માર્ચ મહિનામાં યોજાય તેવી શક્યતા છે. આ સાથે જ ૩ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ પણ સાથે જ યોજાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વર્તમાન લોકસભાનો સમય ૩ જૂને સમાપ્ત થઈ રહ્યો છે. બંધારણના નિયમ પ્રમાણે તે પહેલા જ નવી સરકાર રચાવવી અનિવાર્ય છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા પ્રમાણે માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી યોજાઈ શકે છે. જોકે ચૂંટણી કેટલા તબક્કામાં, કઈ તારીખે, મતગણતરીને લઈને કોઈ જ વિસ્તૃત જાણકારી હજી સુધી સામે આવી નથી.

આ સાથે જ છેલ્લા કેટલાક સમયથી જ્યાં રાષ્ટ્રપતિ શાસન લદાયેલું છે તે જમ્મૂ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે. આ ઉપરાંત ઓરિસ્સા અને આંધ્ર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પણ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની સાથો સાથ જ યોજવામાં આવી શકે છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીંગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

MARKET4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

Parag SAREES & DRESS MATERIALS
આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે
સેલ 30% ડિસ્કાઉન્ટ
3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999
પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને અપાવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ પ્રદૂષણની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિકાસશ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન ટુંકાવવા સુધર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને પણ પિથે સમરજા આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહેના કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ વખેત આપવામાંથી ચુકવવા જશે, જે માટે સાથે ડેબીટેડ કોપરક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકલ્યુ લક્ષ્ય મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ફોટો જોડવી ફરજીયાત) આપનો કોડ એક વર્ષ સુધી લીવ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૧૫૦૦/- (ફોટો જોડવી ફરજીયાત) આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે લીવ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ લીવ કરાવી હપ્તાથી કમાવાની તક ગુમાવો નહિ.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ખોડલધામની પ્રાણપ્રતિષ્ઠાને ૨ વર્ષ પૂર્ણ થતા ૬૦ કિમીની પદયાત્રા યોજાશે

રાજકોટ

લેઉવા પટેલ સમાજના આસ્થાના પ્રતીક સમાન ખોડલધામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને ૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ૨૧ જાન્યુઆરીએ ખોડલધામ ટ્રસ્ટની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા રાજકોટથી ખોડલધામ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૦મીના વહેલી સવારે સરદાર પટેલ ભવન, રાજકોટથી ખોડલધામ મંદિર, કાગવડ સુધીની પદયાત્રામાં હજારો ભાવિકો જોડાઈને મા ખોડલનાં પોંખણાં કરશે.

તા.૨૦ના રવિવારના રોજ વહેલી સવારે ૬.૩૦ વાગ્યે સરદાર પટેલ ભવન, ન્યૂ માયાણીનગર, માલવિયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, રાજકોટ ખાતે મા ખોડલની મહાઆરતી કરીને પદયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. પદયાત્રા સરદાર પટેલ ભવનથી શરૂ થઈ ૧૫૦ ફૂટ રિંગ રોડ ગોંડલ ચોકડી થઈ બપોરે ૧૧ વાગ્યાની આસપાસ શાપર પહોંચશે. જ્યાં પદયાત્રિકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રાત્રી વિશ્રામમાં ઠંડીના લીધે પદયાત્રિકો માટે ગરમ પાણી સહિતની ઉત્તમ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વિશ્રામ લીધા બાદ પદયાત્રા ગોંડલથી રાત્રે ૧૧ વાગ્યે ખોડલધામ તરફ પ્રયાણ કરશે. વીરપુર ખાતે વહેલી સવારે ૪ વાગ્યે પદયાત્રા પહોંચશે. વીરપુરથી પદયાત્રા કાગવડના પાટિયે સવારે ૬ વાગ્યે પહોંચ્યા બાદ ખોડલધામ મંદિર ખાતે જય મા ખોડલના નાદ સાથે પદયાત્રિકો યાત્રાને વિરામ આપશે.

આ પદયાત્રામાં જેતપુર, ધોરાજી, ઉપલેટા સહિતના પદયાત્રિકો રાજકોટથી આવેલી પદયાત્રાનું કાગવડના પાટિયે સ્વાગત કરી સાથે જોડાશે. પદયાત્રાના સમગ્ર રૂટ પર સલામતી અને ટ્રાફિકને ધ્યાને લઈને વિદ્યાર્થી સમિતિ દ્વારા સ્વયંસેવકોની ફોજ તૈયાર કરવામાં આવી છે. સમગ્ર પદયાત્રાનું આયોજન અને વ્યવસ્થા નરેશભાઈ પટેલના પુત્ર શિવરાજભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. આ પદયાત્રામાં જોડાવા માટે મો.૯૪૦૫૪ ૬૯૨૩૯ પર નામ નોંધાવવા સંપર્ક કરવા જણાવાયું છે.

૧૭ દિવસથી યુવતીની લાશ ફ્રિઝરમાં, પરિવારની અંતિમ સંસ્કાર ન કરવાની જીદ

બનાસકાંઠા

બનાસકાંઠાના પાંચમહુડા ગામે છેલ્લા ૧૭ દિવસથી એક યુવતીની લાશના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા નથી, આ પાછળનું કારણ પરિવારજનો અને પોલીસ વચ્ચે આક્ષેપબાજી છે. અંતિમસંસ્કાર વગર યુવતીની લાશ ૧૭ દિવસથી બરફમાં મૂકી રાખવામાં આવી છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે પાંચમહુડા નજીક ખેડબ્રહ્મા પાસેથી ૧૭ દિવસ પહેલા એક યુવતીની ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. એ સમયે પોલીસે પ્રાથમિક વિગતો નોંધી યુવતીએ આત્મહત્યા કરી હોવાનું સમજી કાર્યવાહી શરૂ કરી હતી. જો કે આ દરમિયાન યુવતીના પરિવારજનોએ વાંધો ઉઠાવ્યો અને પોલીસને જણાવ્યું કે તેમની દીકરીની હત્યા કરાઈ છે, પોલીસે યુવતીના પરિવારજનોની વાત અંગે પણ તપાસ કરી પરંતુ હત્યા અંગે કોઈ પગેરું મળ્યું નહીં.

બીજી બાજુ યુવતીના પરિવારજનોએ યુવતીની હત્યા થયાનો આરોપ લગાવ્યો અને માગણી કરી કે તાત્કાલિક હત્યારાઓને પકડી પાડવામાં આવે. સાથે જ આરોપ લગાવ્યો કે પોલીસ હત્યાની ઘટનાને આત્મહત્યામાં ખપાવવા માગે છે. જ્યારે સુધી હત્યારાઓ નહીં પકડાય ત્યાં સુધી મૃતદેહનો અંતિમ સંસ્કાર નહીં કરવામાં આવે. પરિવાર પોતાના નિર્ણય પર મક્કમ રહી ૧૭ દિવસથી યુવતીના અંતિમસંસ્કાર કર્યા નથી.

કેતન ઉત્તરાયણના દીવસે પતંગ લુટવા ગયો ચાર દિવસે તેનો મૃતદેહ ઘરે આવ્યો

રાણપુરના ચંદરવા ગામના દસ વર્ષના બાળકનો લીલકા નદીમાંથી ચાર દિવસબાદ મૃતદેહ મળી આવતા ગામમાં શોકનુ મોજુ ફળીવળ્યુ એકના એક દિકરા નુ મોત થતા કેતનના પરિવાર ઉપર આભ ફાટ્યુ



બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ચંદરવા ગામે તારીખ-૧૪.૧.૨૦૧૯ ના કેતન(ઉર્ફે. ચેતન)કાંતીભાઈ સરવૈયા નો દસ વર્ષનો બાળક ગુમ થયો હતો કાંતીભાઈ ને કેતન એકનો એક દિકરો હોય ગામ લોકો છેલ્લા ચાર દિવસથી રાત દિવસ ગોતી રહ્યા હતા આસપાસની વાડીયુ સહીત અનેક જગ્યાએ શોધખોળ કરી રહ્યા હતા ચાર દીવસ બાદ આજે ચંદરવાની લીલકા નદીના ચેક ડેમ માંથી કેતનનો મૃતદેહ મળી આવતા નાના એવા ચંદરવા ગામમાં શોકનુ મોજુ ફળીવળ્યુ હતુ

આ અંગે મળતી માહીતી મુજબ રાણપુર તાલુકાના ચંદરવા ગામે ગઈ તારીખ-૧૪.૧.૨૦૧૯ ના સવારે કેતન(ઉર્ફે.ચેતન)કાંતીભાઈ સરવૈયા ધાબા ઉપર પતંગ ચગાવતો હતો તે દરમ્યાન પતંગ લુટવા નિચે ઉતરી ગયા બાદ ચાર બપોર સુધી ઘરે નહી આવતા બાળકના પિતા કાંતીભાઈ ગોરધરભાઈ સરવૈયા એ શોધખોળ શરૂ કરી હતી આસપાસની વાડી સહીત અનેક જગ્યાએ તપાસ કરતા ક્યાંય પણ કેતન નો પત્તો નહી લાગતા કેતના પિતા એ રાણપુર પોલીસ સ્ટેશન ખાતે ગુમ થયાની ફરીયાદ નોંધાવવામાં આવી હતી જેની તપાસ બોટાદ ઈન્ચાર્જ સીપીઆઈ જે.વી.રાણા કરી રહ્યા હતા ત્યારે આજે સવારે ૮ વાગ્યાની આસપાસ ચંદરવા ગામે લીલકા નદી ના ચેક ડેમમાં તપાસ કરતા કેતન(ઉર્ફે.ચેતન)કાંતીભાઈ સરવૈયા નો મૃતદેહ હોવા મળી આવતા ચંદરવા ગામના સરપંચ સહીત ગામલોકો લીલકા નદીમાં દોડી ગયા હતા ચંદરવા ગામના તરવૈયા અને પોલીસની મદદથી કેતન નો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો અને પી.એમ.માટે રાણપુર ના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો આ અંગે વધુ તપાસ બોટાદ ઈન્ચાર્જ સી.પી.આઈ-જે.વી રાણા કરી રહ્યા છે મૃતક કેતન ની ઉંમર દસ વર્ષની હોય કાંતીભાઈ ને આ કેતન એકનો એક દિકરો હોય ચાર દીવસ થી ગુમ થયો હતો કેતનનો પરિવાર અને ગામલોકો ચાર દિવસથી રાત દિવસ આસપાસની વાડીયુ સહીત અનેક જગ્યા એ શોધખોળ કરી રહ્યા હતા અંતે કેતનનો મૃતદેહ ચાર દીવસે લીલકા નદીના ચેક ડેમમાંથી મળતા નાના એવા ચંદરવા ગામમાં શોકનુ મોજુ ફરીવળ્યુ હતુ

પ્રેમમાં નિષ્ફળ જવાની બીકે બે પિતરાઈ બહેનોએ ઝેર ગટગટાવ્યું

જુનાગઢ

યુવાનીનો પ્રેમ આંધળો હોય છે, પાગલ હોય છે, એવું લોકો કહે છે. યુવાની સમયમાં પ્રેમમાં માણસ કઈ પણ કરવા તૈયાર થઈ જાય છે, તેની માટે કોઈ પણ હદ પાર કરી જાય છે. આવી જ એક પ્રેમ કહાનીમાં બે યુવતીએ પોતાનું જીવન ટુંકાવી દીધુ હોવાની ઘટના જૂનાગઢથી સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢના વીસાવદરના દુધાળા ગામમાં ગઈ કાલે બે પિતરાઈ બહેનોને એક તરફી પ્રેમમાં પાગલ યુવાનોએ જબરદસ્તી ઝેરી દવા પીવડાવી હોવાનો મામલો સામે આવ્યો હતો, આ ઘટના બાદ પુરા ગામમાં હાહાકાર મચી ગયો હતો. આ ઘટનામાં ગુરૂવારે જ સારવાર દરમ્યાન એક યુવતીનું મોત નિપજ્યું હતું, જ્યારે બીજી યુવતીની સારવાર ચાલી રહી હતી. તેનું પણ શુક્રવારે મોત થયું છે.

જોકે, આ ઘટનામાં એક નવો વળાંક આવ્યો છે. પોલીસની પુછતાછમાં બહાર આવ્યું છે કે, કાજલ અને ગુલાબ નામની યુવતીને બે યુવાનોએ જબરદસ્તી ઝેરી દવા નથી પીવડાવી. પરંતુ બંને યુવતીઓએ જાતે જ ઝેરી દવા ખાઈ મોતને વહાલુ કર્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, કાજલ અને ગુલાબ નામની યુવતીને ભાવેશ અને કાના નામના યુવાન સાથે ઘણા સમયથી પ્રેમ સંબંધ ચાલતો હતો. બંને પ્રેમી યુગલ ખેતરોમાં મુલાકાત કરતા હતા. એક દિવસ યુવતીના પરિવારના લોકો બંને યુવતીને તેમના પ્રેમી સાથે જોઈ જતા તેમને ઠપકો આપ્યો હતો. આખરે પ્રેમમાં નિષ્ફળ જવાની બીકે બંને યુવતીએ મોત વહાલુ કરી લીધુ છે.

મંદિરના વૃદ્ધ પૂજારીની લૂંટના ઈરાદે હત્યા કરાતા ખળભળાટ

ભાણવડ

ભાણવડ તાલુકાના ઘુમલી ગામે આવેલા આશાપુરા મંદિરના વૃદ્ધ પૂજારીની ઘાતકી હત્યા કરીને અજાણ્યા શખ્સો આભૂષણો અને કિંમતી સામાનની લૂંટ ચલાવી નાસી છૂટતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

વિગત એવી છે કે ઘુમલી ગામે આવેલા આશાપુરા મંદિરમાં વર્ષોથી હસુભાઈ નામના વડીલ વૃદ્ધ સેવા પૂજા કરે છે. તેઓ વહેલી સવારે નિત્યક્રમ પ્રમાણે મંદિરમાં પૂજા કરી રહ્યા હતા ત્યારે અંદાજિત સાત વાગ્યે રાબેતા મુજબ ઈલેક્ટ્રીક ઝાલર અને નગારા સાથે આરતી ચાલુ કરી હતી.

આ દરમિયાન કોઈ જાણભેદુ નકશો શખ્સો આરતી ઉતારતા મહંત ઉપર ઘાતક હથિયારથી પ્રહાર કરીને મોતને ઘાટ ઉતારી દઈ આશાપુરા માતાજીની પ્રતિમા પરથી આભુષણો અને કિંમતી માલમતા ઉસેડી નાસી ગયા હતા. એટલું જ નહીં લુટારૂ શખ્સો પુરાવાનો નાશ કરવાના ઈરાદે સીસીટીવી કેમેરાની હાર્ડ ડિસ્ક પણ ઉઠાવતા ગયા હતા. જો કે એકાદ કલાક સુધી ઈલેક્ટ્રીક ઝાલર નગારા સાથેની આરતી ચાલુ જ રહેતા મંદિર નજીક આવેલી દુકાનના વેપારીને શંકા જવાથી મંદિરમાં જઈને જોતા લોહીલુહાણ હાલતમાં મહંત હસુભાઈનો મૃતદેહ નજરે પડયો હતો. જેથી ગ્રામજનોને એકત્ર કર્યા બાદ પોલીસને જાણ કરવામાં આવતા પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાયબ્રન્ટ ગુજરાતઃ રૂ.૨૫૦ થી રૂ.ચાર હજાર સુધીનુ જમણ,સચિવોના પરિવારોને ખાસ સુવિધા...!!

ગાંધીનગર

અત્રે ગાંધીનગર ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના ડેલીગેટો ઉપસ્થિત રહ્યા ત્યારે અડધો હોલ ભરાયો હતો અને મુખ્યમંત્રી રૂપાણી ના સંબોધન બાદ કેટલાક મહાનુભાવો હોલ છોડવા લાગતા સમિટ સ્થળ બહાર ઉભેલા લોકોને પ્રવેશ અપાતા હોલ ભરચક થઈ ગયો હતો. હોલમાં રાજ્યના તમામ સચિવો ઉપસ્થિત રહેવા સાથે અનેક નાના-મોટા અધિકારીઓ હાજર રહ્યા હતા. પરંતુ ધ્યાન ખેંચતી બાબત એ રહી હતી કે સચિવોના પરિવારોને ખાસ આમંત્રણ આપવા સાથે તેમના માટે બેસવાની ખાસ વ્યવસ્થા કરવા સાથે ખાસ પોલીસ કર્મચારીઓને તેમની સેવામાં તહેનાત કરવામાં આવ્યા હતા તે સાથે વીવીઆઈપી નાસ્તા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ખાસ નોંધનીય એ છે કે ગુજરાત વાયબ્રન્ટ ૨૦૧૯માં અપવાદ રૂપ જાપાન સિવાય કોઈ વિકસિત દેશોએ ભાગ લીધો નથી ત્યારે આવેલા સ્થાનિક લોકોમાં એ ચર્ચા બની હતી કે થાઈલેન્ડ સાથે શાનો વેપાર ધંધો કરવામાં આવશે. કારણ કે અહીં કોઈ ધંધો વેપાર નથી. અહીંના દેશ-વિદેશના જે મહાનુભાવો માટે જમવાની-નાસ્તા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે તેનો સમગ્ર કોન્ટ્રાક્ટ હોટેલ હૈયાતને આપવામાં આવ્યો છે. જેની વ્યવસ્થા અને આયોજન વ્યવસ્થિત હતા. અહીં દેશ-વિદેશના મહાનુભાવોને જે જમવાનું અપાઈ રહ્યું છે તેમાં નાસ્તાની ડીશના રૂ.૧૫૦૦ અને જમવાની ડિશના રૂપિયા ૪૦૦૦ છે અને તેમાં કુલ વિવિધ ૬૦ આઈટમ રાખવામાં આવી છે. એટલે કે વીવીઆઈપીઓ માટેની આ વ્યવસ્થા કરવામાં આવી છે દેશ વિદેશના મહાનુભાવો સાથે રાજ્યના સચિવો અને તેમના પરિવાર માટેની આ સુવિધા કરવામાં આવી છે. ઓફિસર્સ અને વીવીઆઈપી કેટેગરી નીચેના અધિકારીઓ માટે ૩૫ આઈટમ વાળી ડિશ રાખવામાં આવી છે જેનો ડિશ દિઠ ભાવ રૂપિયા ૭૦૦ રાખેલ છે ત્યારે લોકશાહીની ચોથી જાગીર ગણાતા અને રાજ્યની પ્રજા સુધી સમાચારો પહોંચાડવા રાત-દિવસ કે સમય જોયા વગર કવરેજ કરવા દોડતા મીડિયા માટે ભારે વ્યવસ્થા કરી છે તેમને કુલ ૧૫ આઈટમની જમવાની ડિશ રૂ.૨૫૦ના ભાવની આપવામાં આવી હતી. અને આ બાબત આવેલ સ્થાનિક નાના ઉદ્યોગકારો અને અન્ય ધંધા-ઉદ્યોગના ધંધાદારીઓમાં ચર્ચાસ્પદ રહી હતી.

સ્વાઈન ફલૂનો કહેર વધ્યોઃ ૨નાં મોત, બીજા ૩ કેસ પોઝિટિવ

રાજકોટ

છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફલૂનો કહેર સતત વધી રહ્યો છે. ત્યારે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં વધુ ૨ દર્દીનાં સ્વાઈન ફલૂથી મોત થયા છે.જૂનાગઢ જિલ્લાના ૫૧ વર્ષીય પુરૂષનું ક્રાઈસ્ટ હોસ્પિટલ ખાતે મોત થયું છે. જ્યારે અન્ય મહિલાનું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. જ્યારે જૂનાગઢ જિલ્લામાં સ્વાઈન ફલૂના ૩ કેસ પોઝિટિવ નોંધાયા છે. છેલ્લા ૧૮ દિવસમાં ૪૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી ૮નાં મોત નિપજ્યાં છે. હજુ ૨૭ દર્દી ખાનગી અને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જૂનાગઢમાં ઝાંઝરડા રોડ પર રહેતા પિતા-પુત્ર તેમજ એક વૃધ્ધાને સ્વાઈન ફલૂ પોઝિટિવ આવતા જૂનાગઢના પોશ એરિયામાં બીમારીનો ભય ફેલાયો છે. જૂનાગઢના ઝાંઝરડા ચોકડી પાસે નક્ષત્ર એપાર્ટમેન્ટમાં રહેતા ૧૪ વર્ષના કિશોર અને તેના ૪૬ વર્ષના પિતાનો સ્વાઈન ફલૂ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બંનેની હાલ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ ઉપરાંત તેમના નિવાસ સ્થાનથી થોડે દૂર આવેલા કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટમાં રહેતા ૬૪ વર્ષના વૃધ્ધાનો સ્વાઈન ફલૂ રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે અને તેમને પણ સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. જૂનાગઢના ઝાંઝરડા ચોકડી વિસ્તારમાં એક જ દિવસમાં ત્રણ રિપોર્ટ પોઝિટિવ આવતા રહેવાસીઓમાં ભય ફેલાયો છે.

વિશ્વના સૌથી ઝડપી આર્થિક વિકાસ કરનારા શહેરોમાં રાજકોટ-સુરતનો સમાવેશ

સુરત-રાજકોટ

વૈશ્વિક આર્થિક વિકાસની વાત કરવામાં આવે ત્યારે સને: ૨૦૧૯ થી ૨૦૩૫ના સમયગાળા દરમ્યાન સમગ્ર દુનિયામાં ભારતના ૧૦ શહેરોનો જબ્બર દબદબો રહેશે, અને તેમાં ગુજરાતમાંથી સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે. ઓક્સફર્ડ ઈકોનોમિક્સના અહેવાલ અનુસાર આગામી દોઢ – બે દાયકા દરમ્યાન રાજકોટ શહેરનો વાર્ષિક સરેરાશ જી.ડી.પી. વિકાસ દર ૮.૩૩ ટકાનો રહેવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે.

રાજકોટના આર્થિક વિકાસના પાયામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં થતા પાયાના માળખાકીય વિકાસ કાર્યો અને વર્તમાન મોડર્ન સમયને અનુરૂપ અન્ય આધુનિક વિકાસલક્ષી પ્રોજેક્ટનું મહત્વ ખુબ જ રહે છે, તેમ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું. પાનીએ આ વિશે વધુ વાત કરતા એમ પણ કહ્યું હતું કે, ઓક્સફર્ડના ગ્લોબલ સિટીઝ રીસર્ચના હેડ રીચાર્ડ હોલ્ટના એક અભ્યાસ અહેવાલના તારણો અનુસાર વિશ્વમાં સૌથી ઝડપી આર્થિક વિકાસ પામી રહેલા શહેરોમાં આગામી બે દાયકા ભારતના શહેરોના નામે હશે. આ તારણ એવો દિશાનિર્દેશ આપે છે કે, સરકારશ્રી અને વહીવટી તંત્ર પૂરપાટ વેગે વિકાસ પ્રક્રિયા આગળ ધપાવી રહયા છે. તેઓની પાયાની નીતિ વિકાસ પર કેન્દ્રિત થયેલી છે.×

અહીં એ ખાસ નોંધવું રહયું કે, શહેરોમાં માત્ર રસ્તા, પાણી, લાઈટ, ભૂગર્ભ ગટર, સહિતની માત્ર પાયાની માળખાકીય સુવિધાઓ જ નહી પરંતુ વિવિધરીતે બદલાઈ રહેલા વર્તમાન સમયને અનુરૂપ દુનિયાની લેટેસ્ટ ટેકનોલોજી સાથે તાલ મિલાવી શહેરમાં અત્યાધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ બનાવવામાં આવે તે દિશામાં સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર ગંભીરતાપૂર્વક ભાર મુકી રહયા છે.'' તેમણે કહ્યું કે, રાજકોટ મહાનગરપાલિકાએ વાતાવરણમાં ભળી રહેલા કાર્બનના ઉત્સર્જનમાં ક્રમશઃ ઘટાડો થાય એ માટે શ્રેણીબધ્ધ પગલાંઓ લીધા છે. શહેરને સેઈફ એન્ડ સિક્યોર બનાવવા માટે આશરે ૯૫૦થી વધુ સીસીટીવી સર્વેન્સ નેટવર્ક (રાજકોટ આઈ-વે પ્રોજેક્ટ) કાર્યરત્ત કરી દેશ વિદેશમાં રાજકોટનું નામ રોશન કર્યું છે. વિશ્વ બેંકે પણ રાજકોટ આઈ-વે પ્રોજેક્ટની નોંધ લીધી છે. તાજેતરમાં અન્ય એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ અહેવાલમાં રાજકોટ શહેર માટે એવી ધારણા વ્યક્ત કરવામાં આવી હતી કે, વૈશ્વિક જળ વાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)ના પડકારો રાજકોટ શહેર માટે એક શાનદાર અવસર બની શકે તેમ છે. સૌરાષ્ટ્રનાં આર્થિક હબ રાજકોટમાં ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં અને ભવિષ્યમાં ક્રમશઃ હાથ ધરવામાં આવનારા વિવિધ પ્રોજેક્ટ્સમાં મૂડી રોકાણની ઉમદા તકો ઉભી થઈ રહી છે. ×વર્લ્ડ બેંક×ના મેમ્બર સંગઠન ×ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન× (આઈ.એફ.સી.)નાં ગત તા.૩૦મી નવેમ્બર,૨૦૧૮નાં એક રીપોર્ટમાં એમ જણાવાયું છે કે, આગામી વર્ષ – ૨૦૩૦ સુધીમાં રાજકોટ શહેર ક્લાઈમેટ ક્ષેત્રમાં કુલ આશરે ૪ અબજ ડોલર જેટલું જંગી મૂડી રોકાણ આકર્ષિત કરી શકે એમ છે. આ રીપોર્ટ વિશે વધુ વાત કરતા પાનીએ એમ કહ્યું હતું કે, ×ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન× દ્વારા આ રીપોર્ટ તૈયાર કરવા માટે વિશ્વભરમાંથી ખાસ પસંદ કરાયેલા છ શહેરોમાં રાજકોટનો પણ સમાવેશ કર્યો હતો. સાઉથ એશિયા રીજીયનમાં આગામી વર્ષ-૨૦૩૦સુધીમાં કુલ આશરે ૨.૫ ટ્રિલિયન જેટલું કુલ મૂડી રોકાણ થવાની ધારણા ×ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન× સેવે છે કે પૈકી રાજકોટ ૪ અબજ ડોલર જેવું રોકાણ મેળવી શકે તેવી ક્ષમતા ધરાવતું હોવાનું આ રીપોર્ટમાં દર્શાવાયું છે.

સુરત જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને વોટર અવેરનેસ ફોરમની રચના કરાઈ

મતદાર સાક્ષરતા માટે ચૂંટણીપંચ દ્વારા નવતર પહેલ

સુરત

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૯ ના અનુસંધાનમાં ભારતીય ચૂંટણીપંચ નવી દિલ્હી દ્વારા મતદારોની સાક્ષરતા અને જાગૃત્તતા આવે તે હેતુસર ચૂંટણીપંચ ધ્વારા વોટર અવરનેસ ફોરમને સમગ્ર દેશમાં કાર્યાન્વિત કરવાની નવતર પહેલ કરવામાં આવી છે.

વોટર અવરનેસ ફોરમ અંતર્ગત સુરત જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી ડા. ધવલ પટેલના માર્ગદર્શનમાં વોટર અવરનેસ ફોરમની રચના અર્થે લોકસભા મતવિસ્તારના નોડલ ઓફિસરોની એક બેઠક સુરત અધિક નિવાસી કલેકટરશ્રી એસ. ડી. વસાવાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સી. પી. પટેલે જણાવ્યું હતું કે, ભારતીય ચૂંટણીપંચ દિલ્હી દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં કોઇપણ મતદાતા રહી ન જવા પામે(No Voter to be Left Behind)નું સૂત્ર આપવામાં આવ્યું છે. જેના પરિપ્રેક્ષ્યમાં મતદાર તરીકેની લાયકાત ધરાવતા કોઈ પણ નાગરિક મતદાર તરીકેની અચૂક નોંધણી કરાવે અને નોંધાયેલ તમામ મતદાર અચૂક, નૈતિક ધોરણે મતદાન કરે તે માટે લોકોની ચૂંટણી પ્રક્રિયામાં સહભાગિતા વધે તેવો ચૂંટણીપંચનો અભિગમ છે.આ સંદર્ભમાં ચૂંટણીપંચની સૂચના અનુસાર ભાવિ મતદારો, યુવા મતદારો માટે મતદાર સાક્ષરતા કલબ, જેઓ ઔપચારિક શિક્ષણ સાથે સંકળાયેલા નથી તેવા યુવા અને અન્ય મતદારો માટે ચુનાવ પાઠશાળા તથા સરકારી વિભાગ, કચેરી, બોર્ડ, નિગમ તથા જાહેર સાહસોમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની ચૂંટણી સહભાગીતા વધારવા માટે દરેક કચેરીમાં Voter Awareness Forum ની રચના કરવાની રહે છે જે સંદર્ભે સુરત જિલ્લામાં પણ વોટર અવરનેસ ફોરમની રચના કરવામાં આવી છે. વોટર અવરનેસ ફોરમની પ્રવૃત્તિ અંતર્ગત ચૂંટણીલક્ષી માહોલને જાળવવા સતત મતદાર શિક્ષણ અને ચૂંટણીલક્ષી મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓ કરવામાં આવશે.ભારતીય ચૂંટણીપંચનો સ્થાપના દિન ૨૫ મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવા માટે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું હતું. દેશમાં ચૂંટણીપંચ પ્રક્રિયા અંગેની વ્યાપક જાણકારી અને નૈતિક મતદાન, ચૂંટણી પ્રક્રિયામાં EVM અને VVPT જેવી પારદર્શક ટેકનોલોજીના ઉપયોગ વિશે હકારાત્મક મત કેળવાય અને શહેરી મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગે તેમજ મતદાન પ્રત્યેની ઉદાસીનતાને દૂર કરવા જેવી બાબતો માટે વી. એ. એફ.ની રચના કરવામાં આવી છે. ફોરમના સભ્યોશ્રીઓ દ્વારા તેમના ખાતા/કચેરીઓમાં ચૂંટણી પ્રક્રિયાની જાણકારી ધરાવતા હોય તેવા વર્ગ-૧ અથવા વર્ગ-૨ ના અધિકારીઓની વી. એ. એફ. ના નોડલ ઓફિસરો તરીકે નિયુક્તિ કરવાની છે. અને આ નોડલ ઓફિસરો દ્વારા તેમની કચેરીમાં અધિકારી/કર્મચારીઓના નામ મતદાર યાદીમાં નોંધાયેલ છે કે કેમ ? તે અંગે સતત દેખરેખ રાખવાની રહે છે. અને જો કોઇના નામ મતદાર યાદીમાં નોંધાયેલ ન હોય અથવા અન્ય સ્થળે નોંધાયેલ હોય અને કામના સ્થળે નોંધણી બાકી હોય તેવા અધિકારી/કર્મચારીઓની નોંધણી કરાવવા માર્ગદર્શન પૂરૂ પાડવાનું રહે છે.

અધિકારી/કર્મચારીઓના કુટુંબના સભ્યોના નામની મતદારયાદીમાં નામ નોંધણીની ચકાસણી કરાવવા અંગે તથા કામના સ્થળે અધિકારી/કર્મચારીઓના કુટુંબના સભ્યોના નામ નોંધાયેલ છે કે કેમ તેની તકેદારી રાખીને કામના સ્થળે તેઓના નામોની મતદારયાદીમાં નોંધણી કરાવવાની રહે છે. મતદાર સાક્ષરતા અને મતદાનની જાગૃત્તતા સંદર્ભે ચૂંટણીપંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ ફલોર રમતો અને કવીઝ પણ યોજવાની રહેશે.

મહાર કપ ટ્રોફી ટુર્નામેન્ટમાં સુરગાણાની ટીમ ચેમ્પિયન

સુરત ભટાર-વેસુની ટીમ રનર્સઅપ

સુરત

વલસાડ જિલ્લા નવયુવા મહાર સમાજ આયોજીત પ્રથમ ''મહાર કપ ટ્રોફી''ના અનુસંધાને ધરમપુર સ્થિત માલનપાડા હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે રમાયેલા ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ જિલ્લાની તથા સુરગાણી મહારાષ્ટ્રના ચીભડકચ્છ અને સેલવાસની વિવિધ ૧૦ ટીમે મહાર સમાજના મૂળ ગુજરાતના ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં સહભાગી થઈને સફળતા અપાવી હતી. જેનું સુંદર આયોજન નવયુવા મંડળે કર્યું હતું. ટુર્નામેન્ટમાં સુરગાણા (બારિયા) ટીમ વર્જિતા રહી હતી. જ્યારે રનર્સઅપ ટીમ સુરત (ભટાર-વેસુ) રહી હતી. અંતમાં વિજેતાઓને ઈનામ વિતરણ નવસારીના અગ્રણી જગદીશ જાધવ, નવસારી પ્રમુખ કિશન જાધવ, વલસાડના તુલસીરામ ગાયકવાડ, ધરમપુરના હિરાભાઈ ગાંગોડેએ કર્યું હતું. વિશેષ ઉપસ્થિતિમાં સુરતના પ્રમુખ વિનય રૂપવટે, પરેશ મોહિતે, સુરત મેઘ મહાર ભવનના મેનેજર કમલેશ સાંડીસ, રાજુભાઈ ગાંગોડે વગેરેએ સમાજના યુવાનોમાં એકતાના કાર્યને બિરદાવી યુવા આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

નેશનલ ગેમ યોગામાં નવસારીના ત્રણ ખેલાડીઓની પસંદગી કરાઈ

રાષ્ટ્રીય સ્તરે ત્રણેય ખેલાડીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

નવસારી

ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભની સ્કુલ ગેમ યોગા વિભાગમાં યોગવીરોએ રાજયકક્ષાએ ખૂબ જ સારો દેખાવ કરી સ્કુલ ગેમ ઓફ ફેડરેશનનાં નેશનલ ગેમ (યોગા)માં પ્રાચી સોમાણી, અક્ષત પરમાર, જય ચાંપાનેરી આ ત્રણેય નેશનલ કેમ્પમાં પસંદગી પામ્યા છે. હવે પછી તેઓ ઔરંગાબાદમાં યોજનાર રાષ્ટ્રીય યોગ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ સિધ્ધિ બદલ નગરપાલિકા પ્રમુખ શ્રી કાંતિભાઇ પટેલ, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઇ કાસુન્દ્રા, એકઝી.કમિટીના શ્રી પ્રેમચંદ લાલવાણી, સાંસ્કૃતિક કમિટી ચેરમેન કેયુરીબેન દેસાઇ, ચીફ ઓફિસર શ્રી દશરથસિંહ ગોહિલ, એન્જી.શ્રી ગુપ્તા, કોમ્પલેક્ષ ઇન્ચાર્જ ઈલીયાશ શેખ, હેમંત સોલંકી, પ્રભાત ચૌહાણે શુભેચ્છા પાઠવી છે. આ ખેલાડીઓને કોચીંગ પાર્થ કંસારા, સત્યેમ કેશવાણીએ સ્પોર્ટસ કોમ્પલેક્ષ લુન્સીકુઇ ખાતે ટ્રેનિંગ આપી હતી.

કારના આગળના બોનેટમાં કપિરાજ ફસાઈ જતા તેનું રેસ્ક્યુ કરાવી જીવ બચાવ્યો



વડોદરા અમદાવાદ એકક્ષપ્રેસ હાઈવે પર ચાલતી કાર સાથે આગળના ભાગે કપીરાજ અથડાઈને ફસાઈ જતા કારની નુકશાની ચિંતા કર્યા વગર કપીરાજનું રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો.

બનાવની મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લાના અમોદના માતર ગામના વતની મહેન્દ્રસિંહ ગોહિલ તેમની પત્ની સાથે પોતાની કાર લઈને શુકવારના રોજ આણંદ કામ અર્થે જઈ રહ્યા હતાં. તે દરમિયાન વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ચાલતી ગાડીમાં ધડાકા ભેર કોઈ અથડાયુ હતું અવાજ તાત્કાલિક વાહન ચાલકે કારને ઉભી રાખી દીધી હતી.અને આગળ આવીને જોતા તેમના હોશ ઉડી ગયા હતા.

એક મોટા કપીરાજ કારના બોનેટની અંદર ફસાઈ ગયેલા નજરે પડ્યા હતાં. મહેન્દ્રસિંહે તાત્કાલિક વાહન ચાલકોને ઉભા રખાવતા કપીરાજને બહાર કાઢવા ભારે મસકત કરી હતી. પરંતુ તે બહાર ના નીકળી શક્યો હતો.જેથી કારના માલિકે પોતાની કારને નુકશાનની ચિંતા કર્યા વગર આગળનું બોનેટના મડગાર્ડ તોડીને કપિરાજનું રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કાઢ્યા હતાં. જેવા કપીરાજ બહાર નીકળ્યા તેવાજ ખુલ્લાં ખેતરોમાં ભાગી જતા કારના માલીક અને મદદ કરનારાઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

બિહાર વિકાસ મંડળ દ્વારા ગરીબ મહિલાઓને સાડીનું વિતરણ કરાયું

ઉત્તર ભારતીય પરંપરા મુજબ મકરસંક્રાંતિની ઉજવણી

સુરત

બિહાર વિકાસ મંડળના ઉપક્રમે મકરસંક્રાતિ વેડરોડ ઋષિ આશ્રમમાં સાધુ સંતોને કંબલ અને નિરાધાર મહિલાઓને સાડી આપી ઉજવણી થઈ હતી.

મકરસંક્રાતિ પર્વ સુરતીલાલાઓ પતંગ ઉત્સવ તરીકે ઉજવણી કરે છે. આ પર્વને બિહાર વિકાસ મંડળ દ્વારા દર વર્ષે જેમ આ વર્ષે પણ ઉત્તર ભારતીય પરંપરાના નિર્વાહ કરી ૧૫-૧-૨૦૧૯ના રોજ મંગળવારે ૧૧.૩૦ કલાકે ઋષિ આશ્રમ સત્યનગરમાં પૌવા, દહી, બુંદી, તીલકુટ મહાપ્રસાદ સાથે સાધુ સંતોના ધાબળા, નિરાધાર મહિલાઓને સાડી આપી ઉજવણી કરી હતી.

બિહાર વિકાસ મંડળ અધ્યક્ષ પ્રભુનાથ પ્રસાદ યાદવના નેતૃત્વમાં બાકે બિહારી સિંહ, કૃષ્ણા ચૌરસીયા, નંદકુમાર પંડીત, મનોજ યાદવ, દરોગાજી હરિઓમ, દિનેશ ગુપ્તા, વકીલ ચૌરસીયા, સુરેન્દ્ર શર્મા, જીતેન્દ્ર યાદવ, શ્રીકાંત પંડીત, રાજદેવ યાદવ, રાજકુમાર પંડીત, રવિન્દ્ર યાદવ, શ્રીરામ યાદવ, બલેશ ગુપ્તા, દીનાનાથ વગેરે કાર્યકર્તા કાર્યક્રમને સફળ કરવા મહેનત કરી હતી.આ અવસર પર વિનુ મોરડીયા, શાસક પક્ષ નેતા ગિરજાશંકર મિશ્રા, સાધુ સમાજ અધ્યક્ષ વિશેશ્વરા નંદજી, મુલ મિલાવ મંદિર સંત લક્ષ્મણ જ્યોતિ મહારાજજી, સુરત મહાનગર સંઘ સંચાલક મનસુખ પાનાજી, શિક્ષણ સમિતિ ઉપાધ્યક્ષ શશિકલા યાદવ, શ્રી રામ ખ્યારે, દીપક કાશીરામ રાણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

પલસાણાના કરાળા ગામમાં જુની અદાવતમાં યુવકને ફટકારાયો

સુરત

ચાર માસ પહેલા ઝઘડાની અદાવત રાખી પલસાણા તાલુકાના કરાળા ગામ ખાતે રહેતાં એક યુવક પર લાકડાના ફટકા મારી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ કટોદરા જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયો હતો.

મૂળ હરિયાણાના વતની અને હાલમાં પલસાણા તાલુકાના કરાળા ગામ ખાતે આવેલા સ્વસ્તિક રેસીડેન્સી ખાતે સરજીતસિંગ યાદવ રહે છે. તે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગતરોજ તેઓ પોતાના ઘર પાસે ઉભા હતા. ત્યારે સોનુ ઉપાધ્યા અને અન્ય બે ઈસમોએ ચાર માસ પહેલા થયેલા ઝઘડાની અદાવત રાખી લાકડાના ફટકા વડે હુમલો કરી શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેમણે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.









તંત્રી સ્થાનેથી...

રાજનીતિ સ્વચ્છ બને

રાજનીતિમાં જેટલી શુચિતા, સ્વચ્છતા અને અને શિસ્તની વાત કરવામાં આવે છે તેટલી વાત અન્ય કોઇ ક્ષેત્રમાં કરવામાં આવતી નથી. જો કે જેટલી વાત સ્વચ્છતાની કરવામાં આવે છે તેટલી ગંદકી રાજનીતિમાં ફેલાઇ રહી છે.ચૂંટણી નજીક આવે ત્યારે તો રાજનેતા તમામ બાબતોને ભુલી જાય છે. રાજનેતા મંચ પરથી ભ્રષ્ટાચારને રોકવા અને અપરાધીઓની સતત ઝાટકણી કાઢતા રહે છે. મંચ પરથી અપરાધીઓને કઠોર સજા કરવાની વાત કરતા રહે છે. બીજી બાજુ અપરાધીઓને મંચ પર બોલાવતા પણ રહે છે. તેમનુ સન્માન કરવામાં પણ પાછળ રહેતા નથી. હાલમાં નવો વિવાદ છેડાઇ ગયો હતો. આ નવો વિવાદ ઝારખંડના રાજગઢમાં મોબ લિચિંગ (ભીડની હિંસા)ના દોષિત આઠ લોકોને જામીન પર છોડી દેવામાં આવ્યા બાદ તેમનુ સ્વાગત કેન્દ્રિય પ્રધાન જયંત સિંહા તરફથી કરવામાં આવ્યા બાદ છેડાઇ ગયો હતો. કોંગ્રેસ જ નહીં બલ્કે ખુદ તેમના પિતા અને પૂર્વ કેન્દ્રિય પ્રધાન યશવંતસિંહા દ્વારા પણ તેમની ટિકા કરવામાં આવી હતી. રાજનીતિમાં અપરાધીઓને આશ્રય આપવાની બાબત કોઇ નવી બાબત નથી પરંતુ મુજફ્ફરનગર, બરોડ, માલેગાવ, ગાજિયાબાદ હોય કે પછી હાપુડ હોય દરેક જગ્યાએ ભીડના હુમલામાં મોટી સંખ્યામાં લોકોના મોત થઇ ચુક્યા છે. દોષિતો અને અપરાધીઓની સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ તેમને બચાવી લેવા માટે તમામ રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી પડે છે. એકબીજા પર આરોપ પ્રતિ આરોપોનો સિલસિલો શરૂ કરી દેવામાં આવે છે. આ બાબત કોઇ પણ વ્યક્તિ અથવા તો પાર્ટી જોતી નથી કે જો અપરાધ થયો છે તો દોષિતોને સજા કરીને સમાજમાં સારા સંદેશા પહોંચાડી દેવા માટેના પ્રયાસ કરવામાં આવે. તમામને એકમત થવાની બાબત દેખાતી નથી. તમામ લોકો અપરાધની આડમાં રાજનીતિ રમતા નજરે પડે છે. આ જ કારણ છે કે ગૌરક્ષા, બાળક ચોરી, લવ જેહાદ, બળાત્કારના મામલા અને ડાયન પ્રથા જેવી બાબતોમાં ભીડ પોતાના હાથમાં કાયદા લઇ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાંથી આ પ્રકારની ઘટનામાં રેકોર્ડ વધારો થઇ ગયો છે. અપરાધ થતાની સાથે જ અપરાધીઓના સંરક્ષક સપાટી પર આવી જાય છે. જ્યારે ભીડ જ ન્યાય કરવા લાગી જશે તો દેશમાં કાયદાની જરૂર શુ રહી જશે. કેન્દ્ર અને રાજ્ય સ્તર પર કેન્દ્રિય ગૃહ મંત્રાલયની શુ જરૂર છે. પોલીસ અને સુરક્ષા દળો કેમ છે. ન્યાયાલય કેમ છે. કારણ સાફ છે કે રાજનીતિના ધ્રુવીકરણના કારણે સમાજવા વર્ગો વિભાજિત થઇ રહ્યા છે. વોટ માટે સમાજને ધર્મ, જાતિ વિષેશ આધારિત વિભાજિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. અપરાધી ક્યા વર્ગની સાથે જોડાયેલો છે તે ક્યાં ધર્મની સાથે જોડાયેલો છે તે બાબતને ધ્યાનમાં લેવામાં આવે છે. કઇ પાર્ટી સાથે જોડાયેલો છે તે બાબત પણ જોવામાં આવે છે. રાજસ્થાન હાઇકોર્ટને હાલમાં આદેશ આપવો પડ્યો છે કે એફઆઇઆરમાં જાતિનો ઉલ્લેખ કરવામાં ન આવે. આવુ ચોક્કસપણે થવુ પણ જોઇએ નહી. ભારતીય ચૂંટણી પંચને પણ દેશની મતદાર યાદીમાંથી જાતિની કોલમને દુર કરી દેવા માટે પ્રયાસ કરવા જોઇએ. જો આવુ થશે તો જ રાજેનેતાને સમજાશે કે તે કોઇ ધર્મ, જાતિ અને વર્ગના નહી બલ્કે ભારતના લોકસેવક છે.

રાજનેતાઓએ વોટ બેંક માટે જાતિ, ધર્મ તેમજ વર્ગનો ઉપયોગ કરવો જોઇએ નહીં

મોદી પુરીથી ચૂંટણી લડી શકે

એક ચર્ચા એવી પણ સાંભળવા મળી રહી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે ઓરિસ્સાના પુરીમાંથી લોકસભા ચૂંટણી લડી શકે છે. કેન્દ્રિય અને પ્રદેશ નેતૃત્વની અલગ અલગ નીતિના કારણે ભાજપ નવીન પટનાયકને પૂર્ણ રીતે ઘેરી નહીં લેતા આની ચર્ચા રાજકીય વર્તુળોમાં જોવા મળી રહી છે. ધર્મેન્દ્ર પ્રધાન ભાજપના મુખ્યપ્રધાન પદના ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. તેઓ સતત ઓરિસ્સા આવીને સભા કરી રહ્યા છે. પટનાયક અને તેમની સરકાર પર સતત પ્રહારો કરી રહ્યા છે. જો કે દરિયા કાંઠાના વિસ્તારોમાં તેમની લોકપ્રિયતા હજુ સુધી તો ઓછી દેખાઇ રહી છે. જો ભાજપ સત્તામાં આવવા માટે ઇચ્છુક છે તો તેને પશ્ચિમી ઓરિસ્સાની ૪૨ સીટ પર અને સાથે સાથે બાકી ૧૦૫ સીટો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર રહેશે. આવી સ્થિતીમાં ભાજપને ત્યાંના તેના સ્થાનિક નેતાઓને વધારે મહત્વ આપવાની જરૂર દેખાઇ રહી છે. દરિયા કાંઠાના ઓરિસ્સામાં ભાજપના મોટા નેતા તરીકે ચન્દ્ર પ્રતાપ સારંગી છે. તેઓ ધર્મેન્દ્ર પ્રધાનને આગળ કરીને રજૂ કરવાને લઇને ખુશ નથી. દરિયા કાઠાંના જ પૂર્વ કેન્દ્રિય પ્રધાન દિલિપ રાય જે રાઉરકેલાના છે તેઓ બંને પાર્ટી છોડી ચુક્યા છે. આવી સ્થિતીમાં સ્પર્ધા વધારે રોચક બનવા જઇ રહી છે. જીએસટી, નોટબંધી અને રાફેલ જેવા મુદ્દા અહીં કેન્દ્ર સ્થાને દેખાતા નથી. અહીં મુખ્ય રીતે કેન્દ્રમાં નવીન પટનાયક છે.

લોકસભા ચૂંટણી : કાલિયાની મદદથી વાપસીની પટનાયકની ઇચ્છા

ઓરિસ્સા : વોટ મંડી પર ધ્યાન કેન્દ્રિત



પશ્ચિમી ઓરિસ્સા અને દરિયા કાઠાના ઓરિસ્સા પર ધ્યાન આપવા ભાજપની તૈયારી : કોંગ્રેસની ખેડુતોને રાજી કરવાની રણનિતી

લોકસભા ચૂંટણીને લઇને દરેક રાજ્યમાં દરેક રાષ્ટ્રીય પાર્ટીઓ અને ક્ષેત્રીય પાર્ટીઓ પોત પોતાના દાવપેંચ રમી રમી છે. ઓરિસ્સામાં પણ એવી જ સ્થિતી રહેલી છે. ઓરિસ્સાના સામાન્ય રીતે અનાજના ભંડાર તરીકે જોવામાં આવે છે. જો કે અત્યારે તો તમામનુ ધ્યાન લોકસભા ચૂંટણી પર કેન્દ્રિત છે. અનાજની મંડી પર નહીં બલ્કે વોટોની મંડી પર તમામનુ ધ્યાન કેન્દ્રિત થયેલુ છે. ઓરિસ્સામાં લોકસભાની ૨૧ સીટો રહેલી છે. જેથી તમામ પાર્ટીઓ માટે આ રાજ્ય પણ મહત્વપૂર્ણ છે. ઓરિસ્સામાંનુ નામ આવતાની સાથે જ તમામના ચહેરા પર કેટલાક વિસ્તારની દરિદ્રતા અને ભુખમરીનુ ચિત્ર ઉપસી આવે છે. આ સમસ્યા આજની નથી. વર્ષો પહેલાની સ્થિતી છે. ઓરિસ્સાના કાલિહાંડીનુ નામ આવતાની સાથે જ એક પછાત અને ગરીબ વિસ્તાર તરીકેની છાપ સપાટી પર આવે છે. ચૂંટણી નજીક આવી પહોંચી છે. મુખ્યપ્રધાન નવીન પટનાયક તમામ પ્રકારની પરિસ્થિતીથી સંપૂર્ણ વાકેફ છે. ચૂંટણી નજી હોવાથી હવે તેઓ માત્ર કાલાહાંડી માટે જ નહીં બલ્કે પ્રદેશના તમામ ખેડુતો માટે કાલિયા યોજના લઇને આવ્યા છે. પ્રદેશમાં ભગવાન જગન્નાથને કાલિયા તરીકે પણ કહેવામાં આવે છે. તેમને કાલિયાના નામથી લોકો ઓળખે છે. કાલિયા યોજનાનુ પૂર્ણ નામ કૃષક અસિસ્ટન્ટસ ફોર લાઇવલીહુડ એન્ડ ઇનમક ઓગ્મેન્ટશન રાખવામાં આવ્યુ છે. તાજેતરમાં જ ત્રણ રાજ્યોમાં શાનદાર જીત મળ્યા બાદ કોંગ્રેસ પાર્ટી પણ ખેડુતોને આકર્ષિત કરવા માટે તમામ પાસા ફેંકી રહી છે. ચૂંટણીમાં જીત મળ્યા બાદ કોંગ્રેસે ત્રણે રાજ્યોમાં ખેડુતો માટે દેવા માફીની જાહેરાત કરી લીધી છે. સાથે સાથે વચનો પાળ્યા છે. કોંગ્રેસ પાર્ટી ઓરિસ્સા સહિત સમગ્ર દેશમાં પણ ખેડુતો માટે લોન માફીની વાત કરી રહી છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નિરંજન પટનાયકે ખેડુતોની સ્થિતીને લઇને સરકાર પર સતત પ્રહારો કર્યા છે. તેઓ કહે છે કે કોંગ્રેસ પાર્ટી જો સત્તામાં આવશે તો ખેડુતોની લોન માફી કરવામાં આવનાર છે. ઓરિસ્સામાં કોંગ્રેસ પાર્ટીને મજબુત કરવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસને મજબુત કરવા અને લોકોનો સીધો સંપર્ક કરવા માટે કોંગ્રેસે અહીં ૩૧૪ બ્લોકમાં નજાગરણ યાત્રાનુ આયોન પણ હાલમાં કર્યુ છે. યાત્રા દરમિયાન કોંગ્રેસે તમામ ખેડુતોની લોન માફ કરવાની વાત પણ કરી હતી. આ મુદ્દાને જોરદાર રીતે ચગાવવા માટેના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ આ મુદ્દાને આગામી દિવસોમાં પણ જોરદાર રીતે રજૂ કરનાર છે. ભારતીય જનતા પાર્ટી કેન્દ્રિય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પર દાવ રમી રહી છે. પશ્ચિમી ઓરિસ્સામાં ભાજપની સ્થિતી ખુબ મજબુત દેખાઇ રહી છે. અહીં નવીન પટનાયક માટે સૌથી મોટા પડકારો છે. દરિયા કાંઠાના ઓરિસ્સામાં બીજુ જનતા દળની સ્થિતી ખુબ સારી રહેલી છે. ત્યાં કોંગ્રેસ સાથે સીધી ટક્કર છે. ભાજપે પણ ત્યાં પોતાની સ્થિતીને મજબુત કરવા માટેના તમામ પ્રયાસો જારી રાખ્યા છે. ૧૪૭ વિધાનસભા અને ૨૧ લોકસભા સીટ ધરાવનાર ઓરિસ્સા માટે ભારતીય જનતા પાર્ટીએ ખાસ યોજના તૈયાર કરી છે. અહીં સ્થિતીને મજબુત કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રિય નેતૃત્વને એવો ભય સતાવી રહ્યો છે કે વર્ષ ૨૦૧૯માં બહુમતિ નહીં મળે તો નવીન પટનાયકની જરૂર પડી શકે છે. ત્રણ રાજ્યોમાં સરકાર ગુમાવી દીધા બાદ ઓરિસ્સા વધારે મહત્વપૂર્ણ બની ગયુ છે. આ જ કારણસર ઓરિસ્સામાં વડાપ્રધાન મોદી ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. છેલ્લા ત્રણ સપ્તાહમાં ત્રણ વખત તેઓ અહીં આવી ચુક્યા છે. અહીં મોદીએ શ્રેણીબદ્ધ યોજનાઓ શરૂ કરી છે. કેટલીક નવી યોજનાઓની જાહેરાત પણ તેમના દ્વારા કરવામાં આવી છે. એક ખાસ બાબત ઉભરીને એ આવી રહી છે કે મોદીએ નવીન પટનાયક પર ઓછા અને કોંગ્રેસ પર વધારે પ્રહારો કરી રહ્યા છે. કેટલીક નવી ચર્ચા પણ ચાલી રહી છે.કોંગ્રેસની ખેડુત વોટ મંડી કામ લાગશે કે કેમ તેને લઇને ચર્ચા જોવા મળી રહી છે. ખેડુતોને પાકની યોગ્ય કિંમત હજુ સુધી મળી રહી નથી. આ વખતે ભઉીજપ, કોંગ્રેસ અથવા તો પટનાયકમાંથી કોણ બાજી મારશે તેને લઇને તમામ પંડિતો ધ્યાન આપી રહ્યા છે. ઓરિસ્સાની ગણતરીની વાત કરવામાં આવે તો ઓરિસ્સામાં વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં બીજેડીની હિસ્સેદારી ૪૪.૮ ટકાથી વધારે રહી હતી. કોંગ્રેસ તરફથી પણ આ વખતે ખેડુત તરફી નિતીની જોરશોરથી વાત કરવામાં આવી રહી છે જેની અસર ચોક્કસપણે રહી શકે છે.

લોકસભા ચૂંટણી : ભવિષ્યની રાજનીતિની દિશા નક્કી કરી શકે છે

બસપ-સપા ગઠબંધન પરીક્ષા સમાન



ઉત્તરપ્રદેશમાં મોદી લહેરનો સામનો કરવા દલિત-યાદવ મતોને પોતાની તરફેણમાં કરવા ગઠબંધનની તૈયારી : ગઠબંધનના અસ્તિત્વ સામે શંકા

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીએ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. જાણકાર રાજકીય પંડિતો કહે છે કે યુપીમાં સપા અને બસપાની વચ્ચે ગઠબંધનના પરિણામ માત્ર સીટોની હાર જીત સુધી જ મર્યાદિત રહેનાર નથી બલ્કે આ પરિણામથી જે સંદેશા નિકળશે તેનાથી દેશમાં ભવિષ્યની રાજનીતિ પણ નક્કી થનાર છે. હકીકતમાં આ ગઠબંધનની પણ પરીક્ષા લોકસભાની ચૂંટણીમાં થનાર છે. દેશની બે મોટી વોટ બેંક કઇ રીતે એકબીજાની સાથે આવી શકે છે તે બાબત પર નજર રહેશે. તેમની સાથે આવવાથી કેવી પ્રતિક્રિયા આવે છે તે બાબત ઉપયોગી રહેશે. જે લોકોને યુપીમાં ૨૦૧૭ની ચૂંટણીના પરિણામ યાદ છે તે સારી રીતે કેટલીક બાબતોને જાણે છે. આ લોકોને બસપના વડા માયાવતીના ડીએમ એટલે કે દલિત અને મુસ્લિમ દાવ પણ યાદ હશે. માયાવતી દલિત અને મુસ્લિમ સમીકરણના સહારે ૨૦૧૭માં મોદી લહેરને રોકવા માટે ઇચ્છુક હતી. તેમનુ કહેવુ હતુ કે જો ૨૩ ટકા દલિત અને ૧૮ ટકા મુસ્લિમ એક સાથે આવી જશે તો ત્યારબાદ ૪૧ ટકા લવોટ મારફતે તેમની સરકાર બનાવવાથી કોઇ તેમને રોકી શકે તેમ નથી. જો કે માયાવતીના સમીકરણ ફ્લોપ સાબિત થયા હતા. આનુ એક કારણ એ હતુ કે સમાજવાદી પાર્ટી પણ બસપની સામે ચૂંટણી લડી રહી હતી. જેના કારણે મુસ્લિમ મતદારો પૈકી એક મોટો હિસ્સો સપાની સાથે જતો રહ્યો હતો. દલિત વોટને પણ સંગઠિત રાખવામાં માયાવતીને સફળતા મળી ન હતી. જો કે આ વખતે સ્થિતી બદલાઇ રહી છે. વર્ષ ૨૦૧૭માં પરિણામ મળ્યા બાદ માયાવતીને સમજાઇ ગયુ હતુકે ડીએમની સફળતા સપા અને બસપા એક સાથે નહીં આવે તો હાથ લાગશે નહીં. ત્યારબાદ ગૌરખપુર, ફુલપુર અને કેરાનામાં બંને સાથે થઇ ગયા હતા. જેના કારણે સફળતા હાથ લાગી હતી. અખિલેશ યાદવ પણ કહી ચુક્યા છે કે ભાજપના અહંકારને તોડવા માટે સપા અને બસપા સાથે આવે તે જરૂરી છે. બસપના વડા એમ કહી રહ્યા છે કે આ સમજુતી માત્ર લોકસભા ચૂંટણી સુધી મર્યાદિત નથી. વિધાનસભા ચૂંટણી સુધી જારી રહેશે તો આની પાછળ માયાવતી ગઠબંધન મારફતે તૈયાર થઇ રહેલી વોટબેંકને પણ જોઇ રહ્યા છે. દલિત-મુસ્લિમ યાદવ બેઝની સાથે સાથે અતિ પછાત જાતિઓ પણ સાથે આવી શકે છે. આ વોટ બેંક મારફતે માયાવતી અને અખિલેશ યાદવને માત્ર યુપીમાં જ મોદી લહેરને રોકવા માટેની આશા દેખાઇ રહી નથી બલ્કે આ સમીકરણના સહારે અન્ય રાજયમાં પણ સફળતા મળવાની આશા છે. આમાં કોઇ શંકા નથી કે જો યુપીમાં સપા-બસપા સાથે આવીને સફળતા મેળવી લેશે તો નજીકના ભવિષ્યમાં દેશમાં રાજનીતિ પણ બદલાઇ જશે. જો કે માયાવતી પોતાના અનિશ્ચિત વ્યવહારના કારણે ઓળખાય છે. આવા ગઠબંધન લાંબા ચાલશે કે કેમ તેને લઇને શંકા રહેલી છે. જો આ ગઠબંધનના કારણે લાંબા ગાળાના લાભ મળશે તો કોઇ ગઠબંધનને તોડવા માટે ઇચ્છુક રહેશે નહીં. દલિત-મુસ્લિમ સમીકરણ સફળ રહેવાની સ્થિતીમાં ભાજપ માટે મુશ્કેલી વધી જશે. સાથે સાથે કોંગ્રેસ માટે પણ વધારે મુશ્કેલી ઉભી થશે. તેના માટે મુખ્ય વિરોધ પક્ષ તરીકે રહેવાની બાબત પણ મુશ્કેલરૂપ બની જશે. જો કે આ ગઠબંધન ફ્લોપ જશે તો તેની અસર પોલિટિક્સ પર થશે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને જે રીતે સફળતા મળી હતી તેની પાછળ પણ કારણ એ રહ્યુ હતુ કે દલિત વોટ બેંક પૈકી એક મોટો હિસ્સો તેની સાથે આવી ગયો હતો. વર્ષ ૨૦૧૯ની લડાઇ તેના માટે વધારે સરળ દેખાઇ રહી છે. દલિત વોટ બેંક ભાજપની સાથે જવા માટેના કેટલાક કારણો પૈકી એક કારણ એ પણ હતુ કે તેમનામાં પોતાના હિન્દુ હોવાની ભાવના જાગી હતી. જો કે કેન્દ્રમાં ભાજપ સરકાર આવ્યા બાદ દેશના કેટલાક ભાગોમાં દલિત પર હુમલા કરવામાં આવ્યા હતા. જેના કારણે ભાજપ પ્રત્યે દલિતોની નારાજગી જોવા મળી હતી. દલિતોને લાગવા લાગી ગયુ હતુ કે ભાજપ તેમની સ્વાભાવિક પાર્ટી હોઇ શકે નહીં. ભાજપને સારી રીતે માહિતી છે કે દલિત વોટને તેની છાવણીમાંથી જતા રહેવાની સ્થિતીમાં તેને ફટકો પડી શકે છે. ભાજપના ટોપના લોકો સારી રીતે જાણે છે કે કેન્દ્રમાં સરકાર બનાવવા માટે યુપીમાં સૌથી મોટી જીત ખુબ જરૂરી છે.

ડાન્સબાર ચાલુ થવાથી રોજી મળશે ખરા....!!?

મુંબઈ સહિતનાં મહારાષ્ટ્રનાં શહેરોમાં ચાલતાં ડાન્સબાર્સને અંતે સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધી. આમ તો સુપ્રીમ કોર્ટે ત્રણ વર્ષ પહેલાં જ ડાન્સબાર પરના પ્રતિબંધોને હટાવીને ડાન્સબાર્સને મંજૂરી આપી દીધેલી પણ મહારાષ્ટ્ર સરકાર આડી ફાટેલી તેમાં કોકડું ગૂંચવાયેલું. મહારાષ્ટ્ર સરકારના ઈશારે મહારાષ્ટ્ર પોલીસે એક ફતવો બહાર પાડેલો ને તેમાં ૨૪ શરતો હતી. આ ૨૪ શરતોનું પાલન કરાય તો જ ડાન્સબારને મંજૂરી મળે એવું તૂત મહારાષ્ટ્ર સરકારે ઊભું કરેલું. આ શરતો રીતસરની આડોડાઈ જેવી જ હતી ને તેનું પાલન થાય એમ જ નહોતું.

બાર એસોસિએશન તેની સામે ફરી સુપ્રીમ કોર્ટમાં ગયું પછી સુપ્રીમ કોર્ટે કેટલીક શરતો કાઢી નાંખેલી ને કેટલીક હળવી કરેલી. જો કે મહારાષ્ટ્રની સરકારને ડાન્સબાર ચાલુ થાય એમાં રસ નહોતો એટલે તેમણે નવી શરતો ઠોકી દીધેલી. બારવાળા પાછા સુપ્રીમ કોર્ટમાં ગયા ને ગુરૂવારે સુપ્રીમ કોર્ટે એ શરતો પણ કાઢી નાંખી છે. સુપ્રીમ કોર્ટે ફરમાન કર્યું છે કે, મહારાષ્ટ્ર સરકાર પાણીમાંથી પોરા કાઢી કાઢીને ડાન્સબાર ચાલુ જ ના થાય એવા ધંધા બંધ કરે ને સાંજે છ વાગ્યાથી રાતના અગિયાર વાગ્યા લગી ડાન્સબાર ચાલુ રહેવા દે. ડાન્સબારમાં ઓરકેસ્ટ્રા રાખવાની પણ સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી છે. અલબત્ત પહેલાંની જેમ બાર ડાન્સરો પર સિક્કા નહીં ફેંકી શકાય કે નોટોનો વરસાદ પણ નહીં કરી શકાય પણ ગ્રાહકો બાર ડાન્સર્સને ટીપ ચોક્કસ આપી શકશે.

દરેક ડાન્સબારમાં સીસીટીવી કેમેરા લગાવવાના ફતવાને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધો છે. સુપ્રીમ કોર્ટના મતે તેના કારણે પ્રાઈવસીનો ભંગ થાય છે. મહારાષ્ટ્ર સરકારે એક વિચિત્ર શરત એવી મૂકેલી કે, હવે પછી સારું ચારિત્ર્ય ધરાવતા એટલે કે ગુડ કેરેક્ટર હોય તેવાં લોકોને જ ડાન્સબારનું લાયસંસ અપાશે. આ ગુડ કેરેક્ટરની વ્યાખ્યા શું એ મહારાષ્ટ્ર સરકારમાં બેઠેલા શાણા લોકો જાણે પણ સુપ્રીમ કોર્ટે આ બકવાસ શરતને પણ કચરાટોપલીમાં ફેંકી દીધી છે. બારમાં જ્યાં શરાબ પિરસાતો હોય ત્યાં બાર ગર્લ્સ ડાન્સ ના કરી શકે એવી શરત પણ રખાયેલી ને એ શરતને પણ સુપ્રીમ કોર્ટે બાજુ પર મૂકી દીધી છે. શૈક્ષણિક સંસ્થાઓ ને ધાર્મિક સ્થળોથી એક કિલોમીટર વિસ્તારમાં ડાન્સબાર ના હોવો જોઈએ એવો ફતવો પણ સરકારે બહાર પાડેલો ને એ ફતવાને પણ સુપ્રીમ કોર્ટે મંજૂર નથી રાખ્યો. મહારાષ્ટ્ર સરકારે ડાન્સર્સનું શોષણ ના થાય એટલા માટે તેમની સાથે કોન્ટ્રાક્ટ કરાય એવી શરત મૂકેલી એ સુપ્રીમ કોર્ટે માન્ય રાખી છે પણ ડાન્સરો માટે માસિક પગાર બાંધવાની શરત મંજૂર નથી રાખી.

સુપ્રીમ કોર્ટે બીજી ઘણી શરતોનો ડૂચો કરી નાંખ્યો છે ને એ બધી શરતોની વાત કરવી શક્ય નથી પણ ટૂંકમાં આ ચુકાદો ડાન્સબાર માલિકોની તરફેણમાં છે. સુપ્રીમ કોર્ટે સૈદ્ધાંતિક રીતે ડાન્સબાર ચલાવવા પર પ્રતિબંધ ના મૂકી શકાય એવું ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે એટલે કાનૂની રીતે બાર માલિકોનો વિજય થયો છે.

જો કે સવાલ કાનૂની રીતે કોણ જીત્યું ને કોણ હાર્યું તેનો નથી. સવાલ આ ચુકાદાના કારણે મુંબઈમાં ફરી ડાન્સબાર ધમધમતા થશે કે નહીં તેનો છે. અત્યાર લગી ડાન્સબારના મામલે મહારાષ્ટ્રના સત્તાધીશોનો રેકોર્ડ સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ગમે તે રીતે વાંધા ઊભા કરીને તેનો અમલ નહીં કરવાનો રહ્યો છે. છેક ૨૦૦૫થી આ બધા દાવ રમાય છે એ જોતાં અત્યારે પણ એ જ દાવપેચ પાછા નહીં રમાય તેની ગેરંટી નથી.

ડાન્સબાર પર પ્રતિબંધનો તુક્કો મૂળ તો શરદ પવારની એન.સી.પી.ના આર.આર. પાટિલનો હતો. આપણે ત્યાં નૈતિકતાના નામે જાત જાતના તુક્કા અમલી બનાવી દેવાય છે ને તેમાં જ ડાન્સબારની બુંદ બેસી ગઈ. સામાન્ય રીતે આવા બધા તુક્કા શિવસેનાવાળાને સૂઝતા હોય છે પણ પાટિલને મહારાષ્ટ્રમાં નૈતિકતાના ઠેકેદાર બનવાની ચળ ઉપડેલી એટલે તેમણે ઓગસ્ટ ૨૦૦૫માં તમામ ડાન્સબાર પર પ્રતિબંધ ઠોકી દીધેલો. એ પ્રતિબંધની વાત વાહિયાત હતી તેથી છ મહિનામાં તો બોમ્બે હાઈ કોર્ટે એ પ્રતિબંધને ગેરકાયદેસર જાહેર કરી દીધેલો. એપ્રિલ ૨૦૦૬માં એ ચુકાદો આવ્યો ત્યાં સુધીમાં ડાન્સબાર બંધ કરવાના મામલે પાટિલની એટલી વાહવાહી થઈ ગયેલી કે એ ફોર્મમાં આવી ગયેલા. તેના કારણે તેમણે આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારેલો.

આપણે ત્યાં ન્યાયતંત્રમાં બધું કાચબાની ગતિએ ચાલતું હોય છે. આ કેસમાં પણ એવું જ થયેલું ને સુપ્રીમ કોર્ટમાં ચુકાદો આવતાં આવતાં સાત વર્ષ નિકળી ગયાં. જુલાઈ ૨૦૧૩માં સુપ્રીમે હાઈ કોર્ટના ચુકાદાને માન્ય રાખીને ડાન્સબાર પરનો પ્રતિબંધ હટાવી દીધો. તેની સામે મહારાષ્ટ્ર સરકારે રિવિઝન પિટિશન કરી. તેમાં છ મહિના નિકળી ગયા ને એપ્રિલ ૨૦૧૪માં સુપ્રીમે એ અરજી પણ ફગાવી દીધી એટલે મહારાષ્ટ્ર સરકારે વટહુકમ બહાર પાડીને પાછો પ્રતિબંધ મૂકી દીધો હતો. સુપ્રીમ કોર્ટે ઓક્ટોબર ૨૦૧૫માં એ વટહુકમને પણ ગેરકાયદેસર ઠરાવીને બધા ટંટાનો નિવેડો લાવી દીધો હતો. ત્યાં લગીમાં મહારાષ્ટ્રમાં સરકાર બદલાઈ ગયેલી ને દેવેન્દ્ર ફડણવીસ આવી ગયેલા. ફડણવીસ ડાન્સબારને ચાલુ થવા દે તો ચોખલિયા તૂટી પડે એટલે ફડણવીસે સુપ્રીમના આદેશનું પાલન ના કરવું પડે એ વાસ્તે નવો દાવ ખેલ્યો. મહારાષ્ટ્ર પોલીસે એક ફતવો બહાર પાડ્યો કે જેમાં ૨૪ આકરી શરતો હતી ને આ ૨૪ શરતોનું પાલન કરાય તો જ ડાન્સબારને મંજૂરી મળે.

આ શરતોમાં એક શરત એવી હતી કે ડાન્સબારના માલિકે સીસીટીવીના લાઈવ ફીડ નજીકના પોલીસ સ્ટેશનને આપવા કે જેથી પોલીસ ડાન્સબારમાં કોઈ ગોરખધંધા તો નથી ચાલતા ને તેનું ધ્યાન રાખી શકે. બીજી શરત એ હતી કે બાર ગર્લ્સ નાચતી હોય તે વિસ્તાર અને લોકો બેઠાં હોય તે વિસ્તાર વચ્ચે ત્રણ ફૂટ ઊંચી દીવાલ રાખવી કે જેથી ડાન્સ ગર્લ્સ બેઠેલા લોકોની વચ્ચે જઈને અશ્લીલ હરકતો ના કરી શકે કે બહાર બેઠેલા પણ અંદર જઈને ગંદી બાત કંઈ ના કરી શકે. આવી બીજી પણ શરતો હતી ને તેની સામે ડાન્સબાર એસોસિએશનવાળા સુપ્રીમ કોર્ટમાં ગયેલા. સુપ્રીમે એ બંને શરતોને બકવાસ ગણાવીને ફગાવી દીધી હતી ને બીજી શરતોને હળવી કરી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે એ રીતે ડાન્સબાર ફરી ચાલુ કરવા આડેના અવરોધ ત્રણેક વરસ પહેલાં જ હટાવીને રસ્તો સાફ કરી નાંખેલો પણ

મહારાષ્ટ્ર સરકાર આડીતેડી વાતો કરીને ડાન્સબારનાં લાયસંસ જ નહોતી આપતી ને નવા નવા ફતવા બહાર પાડતી હતી એટલે બાર માલિકાએ પાછા સુપ્રીમ કોર્ટમાં જવું પડેલું. અત્યારે તેનો ચુકાદો આવ્યો છે પણ હવે પછી પણ મહારાષ્ટ્ર સરકાર પાછા એ જ ખેલ નહીં કરે એ નક્કી નથી.

મહારાષ્ટ્ર સરકાર શું કરશે એ ખબર નથી પણ રાજકારણીઓની નૈતિકતાના ઠેકેદાર બનવાની ભૂલના કારણે હજારો પરિવારોએ ભોગવવું પડ્યું છે એ વાસ્તવિકતા છે. ડાન્સબારના કારણે ઘણાંનાં ઘર બરબાદ થયાં છે ને ડાન્સબારની આડમાં વેશ્યાવૃત્તિ ચાલે છે એ વાત કંઈક અંશે સાચી છે પણ બધી ડાન્સ ગર્લ્સ શરીરના સોદા નહોતી કરતી એ પણ સાચું છે. ગામ હોય ત્યાં ગંદવાડો હોય જ પણ તેના કારણે આખું ગામ ઉકરડો ના ગણાય. ડાન્સબારની આ વરવી બાજુની સામે એ પણ હકીકત છે કે, આ ડાન્સબારના કારણે હજારો પરિવારો નભતાં હતાં. મુંબઈમાં જ એ વખતે ૭૫ હજાર જેટલી બારગર્લ્સ ડાન્સબારમાં કામ કરતી ને બે લાખ જેટલાં લોકો ડાન્સબાર પર નભતાં. મુંબઈમાં એકલામાં જ ૮૦૦ જેટલા બાર ધમધમતા હતા. તેમાં હજારો લોકો કામ કરતા. મહારાષ્ટ્રના બીજા ભાગોમાં ધમધમતા ડાન્સબારમાં કામ કરતા લોકોની તો ગણતરી જ કરી નથી. એ બધાં ડાન્સબારમાં કામ કરતાં કેમ કે સરકારે પોતે જ તેને મંજૂરી આપેલી.

ડાન્સબાર બંધ થયા તેના કારણે એ બધાં રાતોરાત બેકાર થઈ ગયાં ને તેમનાં ઘર કઈ રીતે ચાલશે તેની કોઈએ ચિંતા જ ના કરી. કમનસીબે આજે ૧૩ વર્ષ પછી પણ એ ચિંતા કોઈ નથી કરતું. પાટિલે ડાન્સબાર બંધ કરાવવાની જાહેરાત કરી એ વખતે થૂંક ઉડાડેલું કે પોતે બધી બારગર્લ્સને થાળે પાડશે ને તેમને સ્વમાનભેર જીવતી કરી દેશે. મહારાષ્ટ્ર સરકારે કેટલી બારગર્લ્સને સ્વમાનભેર જીવતી કરી એ આપણી નજર સામે છે. ઊલટાની મોટા ભાગની બારગર્લ્સે પોતાનાં ઘર ચલાવવા દેહના સોદા કરવા તરફ વળવું પડ્યું. બીજાં પણ ઘણાંએ આડાતેડા ધંધા કરીને ઘર ચલાવવાં પડ્યાં.

હવે એ પેઢી શું કરતી હશે એ ખબર નથી ત્યારે ડાન્સબાર ચાલુ થાય તેના કારણે તેમને રાહત થશે કે ફાયદો થશે એવી વાત કરવાનો અર્થ નથી પણ તેના કારણે નવાં લોકોને ચોક્કસ રોજી મળશે.

પીએમ મોદી અમદાવાદમાં તમારો કાફલો પસાર થયો ત્યારે કેટલી એમ્બ્યુલન્સ પોલીસે રોકી હતી તમને ખબર છે?

આદરણીય નરેન્દ્રભાઈ, ૨૦૧૯ના વર્ષમાં તમે ગુજરાત આવ્યા, તમારૂ સ્વાગત છે. આમ તો અમારૂ જેટલુ ગુજરાત છે એટલુ જ તમારૂ પણ છે. અમે તો પ્રજા છીએ પણ તમે તો ગુજરાતના નાથ તરીકે દોઢ દાયકા સુધી ગુજરાતમાં રાજ પણ કર્યુ છે. હવે દેશ ઉપર તમારૂ આધિપત્ય છે. તમે વડાપ્રધાન થયા પછી ઘણા બધા સુધારા તરફ દેશને લઈ ગયા, જેમા નેતાઓ અને અધિકારીઓની કાર ઉપર લાગેલી લાલ લાઈટ પણ હટી ગઈ છે. લાલ લાઈટ વીવીઆઈપી કલ્ચરની ઓળખ હતી. તમને હતું કે તમારા નેતાઓ અને અધિકારીઓ લાલ લાઈટ હટાવી દેશે એટલે વીઆઈપી કલ્ચર ખતમ થઈ જશે પણ તેવુ થયુ નહીં. કારણ વીઆઈપી કલ્ચર તો હદય અને વ્યવહાર ઉપર હાવી થઈ ગયુ છે. આપણે આઝાદ થયા પછી જેટલા નેતાઓ અને અધિકારીઓ આવ્યા તેમના ડીએનએમાં જાણે બ્રિટિશર્સ રહી ગયા હોય તેવુ લાગે છે.

સામાન્ય માણસ અને નેતા-અધિકારી માટે આજે પણ કાયદા જુદા છે. રસ્તાની બાજુમાં સામાન્ય માણસ વાહન પાર્ક કરે તો પોલીસ ટોઈંગ કરી જાય છે પણ કારની નંબર પ્લેટ નીચે એમએલએ, એમપી, મેજીસ્ટ્રેટ અને ચેરમેન જેવા હોદ્દાઓ લખેલા હોય તો તેઓ રસ્તાની બરોબર વચ્ચે પણ કાર પાર્ક કરી શકે છે કારણ આ પ્રકારના નેતા અને અધિકારી કાયદાથી પર છે. લાલ લાઈટ હટાવવાનો ઈરાદો બહુ સ્પષ્ટ હતો કે સરકારી કારમાં ફરતા નેતા અને અધિકારીઓ સામાન્ય માણસની જેમ જ જીવે અને તેમના વ્યવહારને કારણે સામાન્ય પ્રજાને કોઈ તકલીફ પડે નહીં, તેઓ પણ ટ્રાફિક સિગ્નલ ઉપર ઉભા રહે, નેતાઓ અને અધિકારીઓ માટે પ્રજાના રસ્તા બંધ થાય નહીં, હોસ્પિટલ જતી એમ્બુલન્સને સાઈરન મારતા ટ્રાફિક વચ્ચે અટવાઈ રહેવુ પડે નહીં, સ્કૂલ-કોલેજ અને નોકરીએ જતો સામાન્ય માણસ પોતાના નિર્ધારીત સ્થળે રોજ પ્રમાણે પહોંચી શકે તો વીઆઈપી કલ્ચર ગયું તેવુ કહી શકાય.

પરંતુ નરેન્દ્ર મોદી તમે ગઈકાલે અમદાવાદમાં નવી એસવીપી હોસ્પિટલનું ઉદ્ઘાટન અને શોપિંગ ફેસ્ટિવલમાં ખરીદી કરવા અમદાવાદ આવ્યા અને જાણે અમદાવાદના લોકોનું જીવવુ હરામ થઈ ગયુ હોય તેવી સ્થિતિ તમારા તંત્રએ ઉભી કરી છે. પોલીસ રસ્તાઓ બંધ કરે છે. લોકો ટ્રાફિકમાં કલાકો સુધી અટવાઈ જાય છે, પોલીસ રસ્તા ઉપર ઉભા રહેલા લોકો જાણે ચોર અને બદમાશ હોય તે રીતે અપમાનીત કરે છે. સામાન્ય માણસ સાથે તો દુરવ્યવહાર થાય છે પણ હોસ્પિટલ જતા દર્દીની એમ્બ્યુલન્સને પણ પોલીસ રોકી રાખે છે. આમ તો તમારો પ્રયાસ દેશના લોકોને વધુમાં વધુ રોજગારી મળે તેવો રહ્યો છે. પરંતુ તમે આવવાના બે દિવસ પહેલાથી પોલીસ અને કોર્પોરેશનવાળા રસ્તે લારી અને ખુમચો લગાડી બે ટંકનો રોટલો કમાતા ગરીબોને ઉભા રહેવા દેતા નથી. આ તો કેવી વિટંબણા કે દેશના વડાપ્રધાનને કારણે સામાન્ય માણસની રોજગારી છીનવાઈ જતી હોય, તમારે આ રસ્તા ઉપર ધંધો કરતા ગરીબોના મનને પણ સમજવા પડશે.

નરેન્દ્રભાઈ તમે શ્રીમંત પરિવારમાંથી આવતા નથી, તમે ગરીબી અને મધ્યવર્ગની હાડમારી જોઈ છે. તમે ભાજપમાં આવ્યા પછી તમે પણ મનોજ ભીમાણી અને ગીરીશ દાણી દ્વારા મોકલવામાં આવતી કારમાં સામાન્ય માણસની જેમ ફર્યા છો. તમે ત્યારે ચાર રસ્તામાં ટ્રાફિક વચ્ચે ઉભા રહેતા હતા, આવુ ૨૦૦૧ સુધી બરાબર ચાલ્યુ અને પછી તમે મુખ્યમંત્રી થયા અને બધુ બદલાઈ ગયુ. પોલીસ અને કમાન્ડોના વાહનો વચ્ચે ઘેરાયેલા તમે રહો છો. તમે નિકળવાના દસ કલાક પહેલા પોલીસ રસ્તા ઉપર ગોઠવાઈ જાય છે. તે પણ ભુખી તરસી હોવાને કારણે જેમ ગરીબ પોતાનો ગુસ્સો બૈરા ઉપર કાઢે તેમ પોલીસ પણ તમારો ગુસ્સો અમારી ઉપર કાઢે છે. સરકારી તંત્ર તમે આવવાના એક અઠવાડિયાથી પ્રજાના કામ બંધ કરી દે છે. કોઈ પણ સરકારી ઓફિસમાં જાવ તો પીએમ આવવાના છે તેવુ કહી અમને અઠવાડીયા પછી આવજો કહી કાઢી મુકવામાં આવે છે. નરેન્દ્રભાઈ આ વીઆઈપી કલ્ચર અમને કનડે છે અને હેરાન કરે છે. તમે તમારાથી જ એવી કોઈ શરૂઆત કરો, આ વીઆઈપી કલ્ચરનો અંત આવે, તમે જ્યાં પણ જાવ ત્યારે તે સામાન્ય પ્રજાના જીવનમાં સુખ સુવિધા વધારનારૂ હોય તમને જોઈ સામાન્ય માણસ પણ રાજી થાય તેવી વ્યવસ્થા કરવા તંત્રને કહો. તમારો રોડ શો અખબારમાં મોટી જગ્યા રોકશે પણ દેશની ગરીબ પ્રજાને ક્યારેય આવા નવાબી તાયફા ગમ્યા નથી. તમારા જીવનની કિંમત અમને ખબર છે, તમે એકસો વર્ષ સારી રીતે જીવો તેવી અમે કાયમ પ્રાર્થન કરીએ છીએ, તમારી સુરક્ષા પણ એટલી જ જરૂરી છે કારણ તમે અમારા વડાપ્રધાન છો. ભારતે પોતાના બે-બે વડાપ્રધાન ગુમાવ્યા છે,તેથી તમારી સુરક્ષામાં કચાશ રહી જાય તે દેશને પાલવે તેમ નથી. આમ છતાં દેશ પરેશાન ન થાય તેની કાળજી રાખશો. વાઈબ્રન્ટ ગુજરાત સફળ રહે તેવી શુભકામના સાથે.

શિવસેનાએ છેલ્લી પાટલી બેસવા કરતાં પોતાના માટે કંઈ નક્કર વિચારવું જોઈએ

પોતાની રાજકીય રોટલી શેકવા માટે રાજકીય પક્ષો અને રાજકારણીઓ છેક છેલ્લી કક્ષા સુધી જતા હોય છે. ભારતીય જનતા પાર્ટીના સૌથી જૂના સાથીદાર એવા શિવસેના માટે આ ઉક્તિ બરાબર લાગુ પડી રહી છે.

છેલ્લા એક વર્ષથી શિવસેના સતત ભાજપનો વિરોધ કરી રહી છે અને સાથે સત્તામાં પણ બેસી રહી છે. અગાઉ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી વખતે ૨૦૧૭માં ભાજપ સામે લડવા માટે શિવસેનાએ છેક ગુજરાતથી હાર્દિક પટેલની આયાત કરી હતી. શિવસેનાની ગણતરી હતી કે હાર્દિકને કારણે મુંબઈમાં તેમને ગુજરાતીઓના અને ખાસ કરીને પટેલોના મત મળશે, પરંતુ તેમની આ ગણતરી ઊંધી પડી અને શિવસેના માંડ માંડ પાલિકા પર ભગવો ઝંડો ફરકાવી શકી અને તે પણ ભાજપના જ ટેકાથી. આ વાત શિવસેનાથી હજમ થઈ નથી. બસ ત્યારથી જ સેના ભાજપ વિરુદ્ધ બોલવાનો એક પણ મોકો છોડતી નથી. અનેક વખત સેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહને ચીમકી આપી અને યુતિ તોડવાની જાહેરાત પણ કરી દીધી. આ બધું હજુ પણ ચાલે, પરંતુ હવે હદ ત્યારે થઈ ગઈ જ્યારે શિવસેના ખુલ્લેઆમ જેએનયુ કેસમાં જેમની સામે દેશદ્રોહનો આરોપ લગાડવામાં આવ્યો છે તેના વખાણ કરવા માંડી.



તાજેતરમાં જ શિવસેના દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું હતું કે ક્ધહૈયાકુમાર તો યુવાઓનો નેતા છે, તે તો આ દેશના બેરોજગાર યુવાનોનું પ્રતિનિધિત્વ કરે છે અને તે ભાષણ પણ સારું આપે છે. વળી જો તે અફઝલ ગુરુ સંબંધે કંઈ બોલ્યો હોય તો પણ ભાજપે આ આખા વિવાદને રાજકીય રંગ ન આપવો જોઈએ કેમ કે અફઝલ ગુરુને સ્વાતંત્ર્યવીર માનનારા મહેબૂબા મુફ્તી સાથે ભાજપ તો સત્તામાં ભાગીદાર હતો. સેનાનું આ વિધાન ખૂબ જ આશ્ચર્યજનક છે અને સ્વ. બાળાસાહેબની નીતિઓ વિરુદ્ધનું છે. બાળાસાહેબનું એક વ્યક્તિત્વ હતું કે જે વાત ના ગમે તેની જ ટીકા હોય અને એક દુશ્મનની ટીકા કરવા માટે બીજા દુશ્મનના વખાણ કરવા એ સ્વ. બાળાસાહેબ ક્યારેય કરે પણ નહીં અને પોતાના શિવસૈનિકોને કરવા દે પણ નહીં. શિવસેના આ બધું કરી રહી છે ભાજપ પર દબાણ આણવા માટે અને જો યુતિ થાય તો વધુ બેઠકો અંકે કરવા માટે, પણ આ માટે આ હદ સુધી જવું વાજબી નથી. ભાજપનો વિરોધ કરવો, મોદીની નીતિઓનો વિરોધ કરવો, મહારાષ્ટ્રની સરકારમાં બરાબરના ભાગીદાર હોવા છતાં રાજ્ય સરકારનો પણ સતત વિરોધ કરવો એ બાબત સમજી શકાય છે કે રાજકારણમાં બે દળ ભલે સાથે હોય, પરંતુ કેટલાક મુદ્દે મતમતાંતર હોઈ શકે છે અને રાજકારણમાં એ સ્વીકાર્ય પણ છે, પરંતુ માત્ર સત્તાની લાલસા ખાતર કે ચૂંટણીમાં યુતિ કરવા માટે યા વધુ બેઠકો મેળવવા માટે કોઈ પક્ષ એક દેશદ્રોહના આરોપીની સાથે થાય એ વિવશતા છે.

હાર્દિક પટેલ હોય કે ક્ધહૈયા કુમાર એમનું આ દેશના વિકાસમાં કોઈ યોગદાન નથી. હાર્દિક પાટીદારોમાં અને પટેલોમાં વિભાજન કરીને આગળ આવ્યો છે તો બીજો જેએનયુ જેવી સંસ્થાઓમાં દેશવિરોધી નારાઓ આપીને આગળ આવ્યો છે. બંને જણ કોઈ યુવા ભારતીયના રોલ મોડેલ હોઈ શકે નહીં, તમે ભાજપનો વિરોધ કરો, કોઈ સંગઠન, કોઈ સંસ્થા, કોઈ પક્ષ કે વ્યક્તિનો વિરોધ કરો ત્યાં સુધી વાંધો નથી, પરંતુ જ્યાં દેશની વાત આવે છે ત્યાં રાજકારણ બંધ કરી દો, નહીંતર જનતા તમને ઉખાડીને ફેંકી દેશે. બીજું જે ક્ધહૈયાકુમારની આડમાં તમે ભાજપ પર હુમલો કરી રહ્યા છો તેનું મહારાષ્ટ્રમાં કોઈ વજૂદ નથી, આને કારણે તમને કોઈ મત મળવાના નથી, હા તમારા મત ઓછા જરૂર થઈ શકે છે. આથી ભાજપનો વિરોધ કરવા માટે છેલ્લી પાટલીએ બેસવા કરતાં શિવસેનાએ પોતાના માટે કંઈ નક્કર વિચારવું જોઈએ.

સંઘ વડાએ મોદી સરકારને આડે હાથ લીધી

સરહદ પર યુદ્ધ નથી છતાંય આટલા બધા સૈનિકો કેમ મરે છે?: મોહન ભાગવત

દેશ માટે મરવાનો એક સમય હતો,સરકારની નીતિ દરેક વ્યક્તિને અસર કરે છે

નાગપુર

રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ (RSS)નાં વડા મોહન ભાગવતે સરકારની નીતિ પર ચાબખા મારતા કહ્યું કે, દેશની સરહદ પર હાલ કોઇ યુદ્ધ ચાલી નથી રહ્યુ છતાંય શા માટે આટલા બધા સૈનિકો શહિદ થઇ રહ્યા છે? મોહન ભાગવતે કહ્યું કે, આનું કારણ એ છે કે, આપણે આપણું કામ બરોબર નથી કરી રહ્યાં.

નાગપુરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં મોહન ભાગવતે આ વાત કહી હતી. આઝાદી પહેલા લોકોએ સ્વતંત્રતા માટે શહીદી વહોરી પણ આઝાદી પછી તો જ શહીદી વહોરવી પડે તો સરહદ પર યુદ્ધ ચાલતુ હોય.

પણ આપણા દેશમાં સરહદ પર હાલ કોઇ યુદ્ધ ચાલી નથી રહ્યું છતાંય આપણા સૈનિકો શહીદ થઇ રહ્યા છે. કેમ કે, આપણે આપણી જોબ બરોબર નથી કરી રહ્યાં'' મોહન ભાગવતે કારણ આપતા કહ્યું.

તેમણે વધુમાં કહ્યું કે, જો સરહદ પર યુદ્ધ ન ચાલતુ હોય તો સૈનિક શહીદ ન થવો જોઇએ. પણ આવુ બની રહ્યું છે. એક સમાજ તરીકે આપણો દેશ મહાન બને તે વિશે આપણે પગલા લેવા જોઇએ. દરેક વ્યક્તિએ આપણો દેશ મહાન બને તે માટે અથાગ પ્રયાસો કરવા જોઇએ.

દેશ માટે બને તે માટે આપણે કોઇને કોન્ટ્રાક્ટ આપી શકતા નથી. આપણે એમ માનીએ છીએ કે તે કામ સરકાર કરશે. પોલીસ કરશે. સૈન્ય કરશે. પણ એવું નથી. સમગ્ર સમાજે આ કામ કરવુ પડશે'' મોહન ભાગવતે આમ કહ્યું અને ઉમેર્યું કે, સરકારની નીતિ દરેક વ્યક્તિને અસર કરે છે. હું નીતિ નથી બનાવતો, તમે પણ નથી બનાવતા. પણ આ નીતિઓ આપણને સૌને અસર કરે છે. મોંઘવારી વધે છે. મેં નથી વધારી, તમે પણ નથી વધારી પણ આપણે સૌ તેનો માર સહન કરીએ છીએ. બેરોજગારી વધી છે. મેં નથી વધારી, તમે પણ નથી વધારી છતાં આપણે સૌ તેને સહન કરીએ છીએ. એટલા માટે આપણે સૌએ દેશ માટે જીવવું જોઇએ.

લડાખમાં બરફના તોફાનથી અંધાધૂંધી : પાંચના મોત થયા

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની ચાદર વચ્ચે જનજીવન ઠપ છે ત્યારે બીજી બાજુ જમ્મુ કાશ્મીરમાં લડાખના ખારદૂંગલા ક્ષેત્રમાં એક ટ્રક શુક્રવારે ભખડો ધસી પડવાના સકંજામાં આવી જતાં તેમાં રહેલા પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થઇ ગયા હતા. જ્યારે અન્ય પાંચ લોકોની શોધખોળ ચાલી રહી છે. સરહદ માર્ગ સંગઠનના અધિકારીઓનું કહેવું છે કે, શોધખોળની પ્રક્રિયા હજુ ચાલી રહી છે. આ ટ્રકમાં ૧૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. શૂન્યથી ૧૫ ડિગ્રી નીચે તાપમાનની સ્થિતિ વચ્ચે સ્થિતિ જટિલ બની ગઇ હતી. ૧૨ જેટલી સ્થાનિક અને પાંચ ઇન્ટરનેશનલ ફ્લાઇટોમાં વિલંબની સ્થિતિ છે. શુક્રવારે સવારે ચોપાન-અલ્હાબાદ અને કટિહાર-હાઝીપુર પેસેન્જર ટ્રેન બે કલાક મોડી થઇ હતી. દિલ્હી અને એનસીઆરમાં પણ હાલત કફોડી બનેલી છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં ખાસ કરીને લડાખ વિસ્તારમાં ભારે હિમવર્ષા થઇ છે. હિમવર્ષા હજુ જારી રહેવાની શક્યતા છે. લેહમાં માઇનસ ૧૨ અને કારગિલમાં માઇનસ ૨૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. દ્રાસમાં માઇનસ ૨૨ ડિગ્રી તાપમાન થઇ ગયું છે. જમ્મુ કાશ્મીરમાં પાણીના સ્ત્રોતમાં બરફ જામી જતા હાલત કફોડી બનેલી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ૧૯મી જાન્યુઆરીથી લઇને ૨૩મી જાન્યુઆરી દરમિયાન ખીણમાં ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

નિરસ વાઇબ્રન્ટ ગુજરાત-૨૦૧૯: આજનું પરફોર્મન્સ પણ નિસ્તેજ, આમ કેમ મોદીજી?

ગુજરાતમાં ૨૦૦૩થી શરૂ કરીને ૨૦૧૭ સુધીના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આટલી નિરસતા અને જાણે કે પરાણે સમિટ કરવાની ફરજ પડી હોય તેમ આ વખતની સમિટમાં આજે પ્રથમ દિવસે જોવા મળ્યું અને મિડિયા સહિતના સમિટમાં નિયમિત આવતા કેટલાક પરિબળો દ્વારા પણ એવી જ લાગણી જોવા મળી કે આ સમિટમાં તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનમાં પણ જોમ-જુસ્સો અને ધમધમાટ નહોતો. આવું કેમ થયુંપતેના સવાલો સમિટ સ્થળે ચર્ચાયા હતા. ૯મી સમિટમાં એક તો વક્તાઓની સંખ્યા ખૂબ વધારે હતી. મોટા ભાગનું સંબોધન અંગેજીમાં તેથી શ્રોતાઓમાં કંટાળો જોવા મળ્યો. ધૂરામાં પૂરૂ જેમણે આ વાયબ્રન્ટ સમિટનો પાયો નાંખ્યો તે વડાપ્રધાનની સ્પીચ પણ નિરસ અને હોલમાં તાળીઓનો ગડગડાટ છવાઇ જાય તેવું આ વખતે જોવા ના મળ્યું. વડાપ્રધાન હોલમાં પ્રવેશ્યા અને મંચ પર બેઠા ત્યાં સુધી તેમના ટેકેદાર શ્રોતાઓ દ્વારા કોઇ તાળીઓથી વધામણાં ના થયાં. મોદી સંબોધન માટે ઉભા થયા ત્યારે કેટલાક ટેકેદારોએ ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના સૂત્રો પોકાર્યા હતા. મોદીના સંબોધન, ડ્રેસિંગ વગેરે પર બારિક નદર રાખનારાઓને પણ મોદીના આજના ડ્રેસિંગથી નવાઇ લાગી હતી. તેમણે અગાઉની જેમ કોઇ રંગીન કોટી કે ઝગમગાટ વાળા વસ્ત્રો કેમ ધારણ ના કર્યા તેની પણ ઘણાંને નવાઇ લાગી હતી. સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો પધાર્યા હોય ત્યારે પોતાના ડ્રેસિંગ બાબતે સજાગ અને ધ્યાન આપનાર વડાપ્રધાન મોદીનું આજનું પરફોર્મન્સ પણ નિસ્તેજ જોવા મળ્યું હતું.

ગામના યુવાનો વર્ષોથી ચક્ષુદાન માટે જાગરુતા ફેલાવવાનું સત્કાર્ય કરી રહ્યા છે

તમિલનાડૂ: નાનું ગામ પણ કર્મ મોટું, ચક્ષુદાન માટે આદર્શ બની ગયું

ચેન્નાઇ

તમિલનાડૂ રાજયના કન્યાકુમારી જિલ્લામાં એક નાનું ગામ મડઢટ્ટુવિલઇ તેની ખાસ વિશેષતાના કારણે અલગ ઓળખ બનાવી રહ્યું છે. આ નાનું ગામ ચક્ષુદાન માટે અન્ય ગામોથી અલગ તરી આવે છે. ગામમાં જો કોઇનું નિધન થાય તો, સૌપ્રથમ ગામના પાદરીને જાણ કરવામાં આવે છે, જે પછી ઘંટ વગાડી મૃત્યુની જાહેરાત કરવામાં આવે છે. આ સાથે જ ગામના યુવાનોને સંદેશ મળી જાય છે કે, મૃતકના પરિવારને ચક્ષુદાન માટે તૈયાર કરે. જયારે પરિવારજનો નિધનના સમાચાર આપવામાં વ્યસ્ત હોય છે, ત્યારે નેત્ર ચિકિત્સાલયની એક ટીમ ગામમાં આવીને મૃતકની આંખો કાઠી તેમની જગ્યાએ આર્ટિફિશિયલ આંખો લગાવે છે, જે અસલી આંખો સમાન જ લાગતી હોય છે.

આ ગામમાં વિતેલા ૧૧ વર્ષ દરમિયાન ૨૨૯ લોકો ચક્ષુદાન કરી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે આ નાનું ગામ ચક્ષુદાન માટે જાગરુકતા ફેલાવવા મામલે 'આદર્શ ગામ' બની ગયું છે.

ચક્ષુદાનના મહત્વને સમજાવતા સેન્ટ સબેસ્ટિયન ચર્ચના યુવાનો વર્ષ ૨૦૦૪થી કાર્યરત છે. તેમના મુજબ ચક્ષુદાન માટે પહેલા પરિવારને રાજી કરવા માટે ૩ વર્ષનો લાંબો સમય લાગ્યો હતો. આ મામલે અત્યાર સુધી લગભગ ૧૫૦૦ જેટલા લોકોએ અનરોલમેન્ટ કરાવ્યું છે જેમાં સૌથી વધારે યુવાનોનો સમાવેશ થાય છે, જયારે આ મામલે વૃદ્ધોની વધારે જરુરત હતી. વર્ષ ૨૦૦૭ સુધી ગામમાં કોઇ પણ ચક્ષુદાન માટે તૈયાર નહોતું, કારણે કે ગામના વડીલોમાં માન્યતા હતી કે, મૃત્યુ પછી આંખો વગર તેઓ તેમના ઇશ્વરને જોઇ નહી શકે.

ગામની મારિયા સબેસ્ટિયને ૨૦૦૭માં ચક્ષુદાનની પહેલ કરી હતી, જે પછી એજ વર્ષે ૮ ચક્ષુદાન નોંધાયા હતા. આ મામલે હવે ચર્ચ દ્વારા રચવામાં આવેલ હોલી ફેમિલી ફેડરેશન દેખરેખ કરી રહી છે. સમગ્ર જિલ્લામાં આ પહેલું ગામ છે જયાં મૃત્યુ પછી આખું શરીર દાન કરવામાં આવે છે. આસપાસના ગામોના લોકોમાં પણ હવે ચક્ષુદાન મામલે જાગરુકતા ફેલાઇ રહી છે. કેટલાક પરિવારો એવા પણ છે, જેમાં એકથી વધારે લોકો ચક્ષુદાન કરી ચૂક્યા છે.

૨૦૨૫ સુધીમાં રામ મંદિરનું નિર્માણ પૂરુ થવુ જોઈએ: ભૈય્યાજી જોશી

પ્રયાગરાજ

પ્રયાગરાજમાં ચાલી રહેલ કુંભમાંથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે મોદી સરકારને અયોધ્યામાં રામ મંદિર પર નવો સંદેશ મોકલ્યો છે. સંઘના સહ-સરકાર્યવાહ ભૈયાજી જોશીએ કહ્યું કે રામ મંદિરનું નિર્માણ ૨૦૨૫મા થશે. આને કેન્દ્રમાં સત્તારૂઢ ભાજપ સરકાર માટે એક કટાક્ષ ભર્યો સિગ્નલ માનવામાં આવી રહ્યો છે. જો કે તેમણે કહ્યું કે ૨૦૨૫ સુધીમાં મંદિર નિર્માણ પૂરું થવું જોઈએ, આ તેમની ઈચ્છા છે. આ બધાની વચ્ચે આજે કુંભમાં સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદની રામ મંદિરના મુદ્દા પર મોટી બેઠક ચાલી રહી છે. સંઘની તરફથી તેમાં સહ-સરકાર્યવાહ ભૈયાજી જોશી સામેલ છે. ભૈયાજી જોશી એ કહ્યું કે મંદિર બને એ અમારી ઈચ્છા છે, ૨૦૨૫ સુધીમાં પૂરું થવું જોઈએ. આ અમારી ઈચ્છા છે. હવે સરકારે કરવાનું છે. તેમણે કહ્યું કે જો આજે મંદિરનું બાંધકામ શરૂ થાય છે તો ૫ વર્ષ સુધીમાં પૂરું થઈ જશે. આની પહેલાં ભૈયાજી જોશીએ પ્રયાગરાજમાં કહ્યું કે ૧૯૫૨મા સોમનાથ મંદિરની સ્થાપનાની સાથે દેશ ગતિથી આગળ વધ્યો, ૨૦૨૫મા રામ જન્મભૂમિની ઉપર મંદિર બન્યા બાદ ફરી આ દિશાને વધુ ગતિ પ્રાપ્ત થવાની છે.

૨૪ જાન્યુ.એ નવા સીબીઆઈ ડાયરેક્ટરની પસંદગી થશે

સીબીઆઈના નવા વડા બનવાની રેસમાં વાય.સી.મોદીનુ નામ સૌથી આગળ

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના નવા ડાયરેક્ટરની નિમણૂકની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ત્રણ-સભ્યોની પસંદગી સમિતિ ૨૪ જાન્યુઆરીએ નવા સીબીઆઈ ડાયરેક્ટરની પસંદગી કરશે. તે બેઠક મોદીના સત્તાવાર નિવાસસ્થાને યોજાશે જેમાં વડા પ્રધાન ઉપરાંત દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને કોંગ્રેસના સિનિયર નેતા મલ્લિકાર્જુન ખડગે હાજરી આપશે. સીબીઆઈના નવા ડાયરેક્ટર તરીકે હાલ અનેક અધિકારીઓના નામ ચર્ચામાં છે. ઘણા અધિકારીઓ એ માટે પાત્ર બન્યા છે. આમાં ૧૯૮૨થી ૧૯૮૫ના વર્ષો વચ્ચે ૪ બેચના ૧૭ અધિકારીઓ દાવેદાર બન્યા છે. એમાંથી ડાયરેક્ટોરેટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ દ્વારા ૬ નામ પસંદ કર્યા છે. જોકે આ છમાંથી ચાર અધિકારીના નામ જ મોદીની આગેવાની હેઠળની પસંદગી સમિતિને મોકલવામાં આવશે. સીબીઆઈના વિવાદાસ્પદ સ્પેશિયલ ડાયરેક્ટર રાકેશ અસ્થાનાની સીબીઆઈમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. એમને બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા છે. આ એજન્સી એરપોર્ટ અને ફ્લાઈટ સિક્યુરિટીની દેખભાળ કરે છે. સીબીઆઈના નવા ડાયરેક્ટર બનવાની રેસમાં યોગેશ ચંદર મોદી (વાય.સી. મોદી)નું નામ મોખરે હોવાનું સૂત્રોનું કહેવું છે. તેઓ હાલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના વડા છે. તેઓ ૧૯૮૪ના બેચનાન આસામ-મેઘાલય કેડરના ઓફિસર છે. વાય.સી. મોદીને કુલ ૩૩ વર્ષનો અનુભવ છે અને સીબીઆઈ એજન્સીમાં તેઓ ૧૦ વર્ષ કામ કરી ચૂક્યા છે.

૨૦૦૨-૨૦૧૦ અને ૨૦૧૫-૨૦૧૭ દરમિયાન બે મુદતમાં વાય.સી. મોદીએ સ્પેશિયલ ક્રાઈમ અને આર્થિક ગુનાઓ તેમજ ભ્રષ્ટાચાર-વિરોધી કેસો સંભાળ્યા હતા.

નીતિ આયોગે સરકારને અપફ્રંટ સબસિડી આપવા માટેનો ઉપયોગ બતાવ્યો

તમામ સબસિડીઓ બંધ કરી સરકાર દરેક ખેડૂતને હેક્ટર દીઠ આપશે ૧૫૦૦૦ રુપિયા!!

ન્યુ દિલ્હી

ખેડૂતોને મનાવવા માટે આકાશ પાતાળ એક કરી રહેલી મોદી સરકાર ખેડૂતોને ઈનકમ સપોર્ટ તરીકે પ્રતિ હેક્ટર ૧૫૦૦૦ રુપિયા આપવા માટે વિચારણા કરી રહી છે. નીતિ આયોગે સરકારને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર થકી અપફ્રંટ સબસિડી આપવા માટેનો ઉપાય બતાવ્યો છે. નીતિ આયોગે સરકારને સૂચન કર્યુ છે કે ખાતર, વીજળી, ખેતીનો વીમો, સિંચાઈ અને વ્યાજમાં રાહત સાથે સંકળાયેલી તમામ સબસિડીઓની જગ્યાએ સરકારે સીધુ જ ખેડૂતોના ખાતામાં ઈનકમ ટ્રાન્સફર તરીકે આ રકમ જમા કરી આપવી જોઈએ.

દેશના બે રાજ્યો તેલંગાણા અને ઓરિસ્સાએ ખેડૂતોનુ દેવુ માફ કરવાની જગ્યાએ ઈનકમ સપોર્ટ સિસ્ટમ જ અમલમાં મુકેલી છે.કારણકે દેવા માફીની યોજનાઓથી ખેડૂતોની સમસ્યા દુર થઈ રહી નથી. એગ્રિકલ્ચર સેક્ટર માટે દર વર્ષે ૨ લાખ કરોડ રુપિયા સબસિડી આપવામાં આવે છે.જો દેશમાં જેટલા વિસ્તારમાં ખેતી થાય છે તે ગણતરીમાં લેવામાં આવે તો પ્રતિ હેક્ટર ૧૫૦૦૦ રુપિયા સબસિડી અપાઈ રહી છે.

ટોચના અધિકારીએ આપેલી માહિતી પ્રમાણે હાલમાં જે અલગ અલગ સબસિડી આપવામાં આવે છે તેનાથી દરેક વ્યક્તિને ફાયદો નથી થતો.એવુ મિકેનિઝમ બનાવવાની જરુર છે જેના થકી સબસિડીવાળા યુરિયા અને વીજળીનો દુરપયોગ રોકાય અને ખેડૂતોને આર્થિક આઝાદી પણ મળે.

ખેડૂતોને સીધા જ પૈસા આપવાના કારણે તેમને કયો પાક લેવો છે તે વિકલ્પ પસંદ કરવાની પણ સ્વતંત્રતા મળશે.ખેડૂત માત્ર સબસિડી મળતી હોય તે બાબતને ધ્યાનમાં રાખીને ખેતી નહી કરે. પીએમ મોદીએ ખેડૂતોની આવક ડબલ કરવાનુ એલાન ૨૦૧૫માં કર્યુ હતુ પણ હાલમાં કૃષિ સેક્ટરના વિકાસ દરને જોતા ૨૦૨૨-૨૩ સુધીમાં તેમની આવક ડબલ કરવાનુ શક્ય લાગતુ નથી.જોકે ડાયરેક્ટ જ પૈસા ટ્રાન્સફર કરવા માટે મોદી સરકારે રાજ્યોને પણ રાજી કરવા પડશે.કારણકે હાલમાં જેટલી પણ કૃષિ સબસિડી અપાય છે તેનો અડધો હિસ્સો રાજ્ય સરકારો ચૂકવતી હોય છે.





આજે પીએમ મોદી સુરતમાં: સૌથી મોટી તોપનું કરશે લોકાર્પણ

સુરત

વાયબ્રંટ સમિટમાં સાંસદ સી.આર પાટીલે એક નિવેદન આપતાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી મોદી આવતી કાલે સુરતમાં સૌથી મોટી તોપનું લોકાર્પણ કરશે. સૈન્ય માટે આ તોપ આવિષ્કાર સમાન બનશે.

સી.આર. પાટીલે વધુમાં જણાવ્યું કે, મીઠાનાં સત્યાગ્રહ દાંડી ખાતે પણ સરકારે ૧૫૦ કરોડ રૂપિયા ફાળવ્યાં છે. તેનો લાભ પણ મળી રહેશે. તો સત્યાગ્રહમાં ભાગ લેનાર ૮૦ લોકોનાં સ્ટેચ્યુ પણ આગામી દિવસોમાં મુકવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે તારીખ ૧૮થી ૨૦ જાન્યુઆરી સુધી વાયબ્રંટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને મોદી ત્રણ દિવસ ગુજરાત પ્રવાસે છે. ત્યારે મહત્વનું છે કે આ વર્ષે ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે ગ્લોબલ ટ્રેડ શોનું ભવ્ય આયોજન કરાયું છે.

આ ૨ લાખ ચોરસ મીટર પ્રદર્શન અને સ્ટોલ વિસ્તાર ધરાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ગ્લોબલ ટ્રેડ શો છે. આ ટ્રેડ શોમાં આશરે ૧.૫ મીલિયન મુલાકાતીઓ અને વિશ્વભરનાં ૧૦૦ દેશોનાં ૩૦૦૦ જેટલાં આંતરરાષ્ટ્રીય ડેલિગેટ્સ હાજર રહ્યાં. ત્યારે ગઈ કાલનાં ગુરૂવારનાં રોજ પીએમ મોદી દ્વારા આ ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરાયું. આ ઉપરાંત ટ્રેડ શોનાં ઉદ્ઘાટન બાદ પીએમ મોદીએ અમદાવાદમાં આવેલ રિવરફ્રન્ટ પરની દેશની સૌથી મોટી પેપરલેસ હોસ્પિટલ જીકૅનું લોકાર્પણ કર્યું. આ હોસ્પિટલનાં લોકાર્પણમાં ઝસ રૂપાણી, અમદાવાદનાં મેયર સહિતનાં તમામ આગેવાનો પણ હાજર રહ્યાં હતાં. પીએમ મોદીએ આ હોસ્પિટલનું હેલિપેડ પર જઈને વિશેષ નિરીક્ષણ પણ કર્યું. આ હોસ્પિટલમાં એર એમ્બ્યુલન્સની પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

તેમજ પીએમ મોદીએ અમદાવાદમાં આયોજિત શોપિંગ ફેસ્ટિવલનું પણ ગઈ કાલનાં ગુરૂવારનાં રોજ ઉદ્ઘાટન કર્યુ હતું. દુબઈનાં શોપિંગ ફેસ્ટિવલની જેમ જ ગુજરાતમાં આયોજિત કરવામાં આવેલા આ ખાસ કાર્યક્રમમાં પીએમ મોદીએ ઉદ્ઘાટન બાદ તમામ ચીજવસ્તુઓનાં પ્રદર્શનને ખૂબ જ ઉત્સુકતાપૂર્વક નિહાળ્યાં હતાં. અમદાવાદમાં આયોજિત કરવામાં આવેલા આ ખાસ શોપિંગ ફેસ્ટિવલનાં પ્રથમ દિવસે જ પીએમ મોદીએ ઉદ્ઘાટન સત્રમાં ભાગ લીધો હતો. આ ઉદ્ઘાટન બાદ મોદીએ ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અન્યોની સાથે અહીં મુકવામાં આવેલા તમામ સ્ટોલનું અવલોકન પણ કર્યું હતું. ત્યારે હવે આજે એટલે કે ત્રીજા દિવસે સુરતમાં સૌથી મોટી તોપનું લોકાર્પણ કરશે.

ગાંધી સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ સ્મારકને ખુલ્લું મુકાશે, સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરશે

૩૦ જાન્યુ.એ પીએમ મોદી ફરી ગુજરાત પ્રવાસે, વિનસ હોસ્પિ.નું લોકાર્પણ કરશે

સુરત

આવનારી ૩૦ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ અને સુરતની મુલાકાતે છે, સુરતમાં પીએમ મોદી ૩થી૪ કાર્યક્રમમાં હાજરી આપશે. ભારતની આઝાદીમાં પાયાનો પથ્થર સાબિત થયેલી દાંડીકૂચ અને આજે પણ એના સંસ્મરણો સાચવી રાખનારા નવસારીના ઐતિહાસિક દાંડી ખાતે કરોડો રૂપિયાના ખર્ચે આકાર લઈ રહેલા ગાંધી સોલ્ટ સત્યાગ્રહ મેમોરીયલ સ્મારકને આગામી ૩૦ જાન્યુઆરીના રોજ ગાંધી નિર્વાણ દિને પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીના હસ્તે રાષ્ટ્રને અર્પણ કરી વિશ્વ ફલક પર મુકાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ અને પહેલી ઈન્ટરનેશનલ ફ્લાઈટને લીલીઝંડી આપશે. તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરતના રિંગરોડ ખાતે આવેલી વિનસ હોસ્પિટલને પણ ખુલ્લી મુકવામાં આવશે.

પહેલા આ હોસ્પિટલ સુરતના રામપુરા વિસ્તારમાં હતી. ૧૧૨ વર્ષ જુની અશાકતાશ્રમની આ હોસ્પિટલ છે. હવે એક નવા નામથી રિંગરોડ ખાતે આ હોસ્પિટલ બનવવામાં આવી છે. જે શ્રીમતી રસિલાબેન સેંવતીલાલ શાહ વિનસ હોસ્પિટલના નામ થી ખુલ્લી મુકવામાં આવશે.

૨૦૧ બેડ ધરાવતી મલ્ટી સુપર સ્પેશ્યલીટી ધરાવતી આ હોસ્પિટલમાં અત્યંત આધુનિક સાધનો સાથે શરૂ કરવામાં આવી રહી છે. જે ગરીબો માટે પણ સારા દિવસો લાવશે. વિનસ હોસ્પિટલ એક ટ્રસ્ટની હોસ્પિટલ છે. જેમાં ગરીબો માટે હોસ્પિટલમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના, મા વાત્સલ્યા યોજના અને પ્રધાનમંત્રીના હસ્તે બનાવેલી આયુષમાં ભારત યોજના છે. જેનો લાભ છેલ્લા એક મહીનમાં ૨૫ જેટલા દર્દીઓએ લીધો છે, જેમાં દર્દીઓએ એન્જોગ્રાફી ,એન્જો પ્લાસ્ટી અને મગજની સર્જરી જેવી પણ થઈ છે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો બે ડિગ્રી ગગડી જતા ફરી ઠંડીનો ચમકારો

નવસારીમાં ૮ અને વલસાડમાં ૧૧ ડિગ્રી તાપમાન

સુરત

ગતરોજની સરખામણીએ આજે સમગ્ર દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ૨ ડિગ્રીનો ઘટાડો થતા ફરીથી ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી એક બે દિવસ ઠંડીનો જોર યથાવત રહે તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વરા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૮ ડિગ્રી નોંધાયું હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

નવસારીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૦.૩ ડિગ્રી નોંધાયું હતું. આમ ગતરોજની સરખામણીએ આજે ૨ ડિગ્રી તાપમાન ઘટતા ઠંડીનો ચમકારો વધ્યો છે. વલસાડમાં પણ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૧-૧ ડિગ્રી નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાનનો પારો ઘટતા ઠંડીનો જોર વધ્યો છે આગામી બે ત્રણ દિવસ સુધી તમામ યથાવત રહે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

સુરત કોર્ટના ચુકાદાને અલ્પેશ કથીરિયાના હાઈકોર્ટમાં પડકારશે

રાજદ્રોહના ગુનામાં સુરતની કોર્ટે જામીન રદ કરતો હુકમ કર્યો હતો

સુરત

રાજદ્રોહના ગુનામાં સુરત કોર્ટે આરોપી અલપેશ કથીરિયાના જામીન રદ કર્યા બાદ ઓર્ડરની સર્ટીફાઈડ નકલો મળી જતા આજ-કાલમાં અલ્પેશના વકીલ રફીક-પતંગવાળા ગુજરાત હાઈકોર્ટમાં આ હુકમને પડકારતી એક રિવીઝન પીટિશન દાખલ. કરશે. એવું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળાએ જણાવ્યું હતું. આ કેસની વિગતો એવી છે કે, અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહનો ગુનો દાખલ કરાયા બાદ સુરત પાસના કન્વીનર અલ્પેશ કથીરિયાની ડીસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સુરત કોર્ટે તેને જામીન મુકત કર્યા બાદ વરાછા અને સરથાણા વિસ્તારોમાં કાયદો - વ્યવસ્થાની પરિસ્થિતિનો ભંગ કરતા ડીસીબી દ્વારા તેના જામીન રદ કરવા માટે પરચૂરણ અરજી સુરત કોર્ટમાં કરી હતી. સુનાવણી દરમિયાન ડીજીપી નયન સુખડવાળાની દલીલોને ગ્રાહ્ય રાખીને અદાલતે તેના જામીન રદ કર્યા હતા. આ હુકમની સર્ટીફાઈડ નકલો મળી જતા તેમની હાઈકોર્ટના વકીલ રફીક પતંગવાળા આગા બે-ત્રણ દિવસોમાં હુકમને પડકારતી એક રીવીઝન અરજી હાઈકોર્ટમાં દાખલ કરશે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, પેદ્દુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંક્સ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

भठीवाला
लिनीमेन्ट अने पेनबाम
सांधा, कम्मर, गरदन, नशनां दुखावा माटे असरकारक
022-24147642
022-24147643
उत्पादकः
रेमेडीझ फार्मास्युटिकल्स
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino फ्लेट - बंगला - ओफिसना
फर्नीचर माटे उत्तम क्वोलीटीनुं प्लायवुड
मेरीनो लेमीनेट सीटस्
100% गरजन (Gurjan) B.W.P. वोटरप्रुफ प्लायवुड
सेमी वोटरप्रुफ (गरजन) प्लायवुड
कुल पेनल कोर कोमर्शीयल M.R. प्लायवुड
बांधकाम माटे शटरींग प्लायवुड
Ex-cel पी.वी.सी. सीट
डेकोरेटीव विनीयर - लेमीनेट - M.D.F. सिमेन्ट सीट, फेवीकोल ब्ल्युकोट
ओर्थो. डिस्ट्रीब्युटर
जथ्थाबंध भावे मळशे.
घाએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, ભુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com



કેન્દ્રીય ધારા પ્રમાણે નર્સિંગ સ્ટાફને પગાર-ભથ્થા આપવાની માગણ સાતે નવી સિવિલ હોસ્પિટલના નિર્સિંગ સ્ટાફે પ્રિતકાત્મક આંદોલન શરુકર્યું છે. હોસ્પિટલમાં એપ્રન પહેરી સિવિલ ડ્રેસમાં ફરજ બજાવતી નિર્સિસની આ તસ્વીર છે

કેન્દ્રીય ધોરણે વેતન લાભોની માંગણી સાથે સિવિલ નર્સિંગ સ્ટાફનું આંદોલન

નવી સિવિલ હોસ્પિટલમાં ફરજ પર નર્સિંગ સ્ટાફે ગણવેશનો ત્યાગ કર્યો

સુરત

કેન્દ્રના ધોરણે સવલતો પણ સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફને પણ લાભો મળવાની માંગણી સાથે નર્સિંગ એસોસીએશનને છેલ્લા ત્રણ દિવસથી નવી સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સટાફે માત્ર એપ્રેન માથે ધારણ કરી સાદા કપડામાં ફરજ બજાવી આંદોલનનું રણશીંગુ ફૂક્યું છે.

ઓલ ઈન્ડિયા નર્સિંગ એસોસિએશનના અગ્રણી ઈકબાલ કડીવાળાના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયની અમો ગુજરાત સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ રજૂ કરી રહ્યાં છે. જેમાં કેન્દ્રીય ધોરણે બેઝિક મળવો જોઈએ. વિવિધ ભથ્થા, મેડિકલ સ્ટાઈપેન્ટ પણ કેન્દ્રીય ધોરણે મળવા જોઈએ વારંવાર રજૂઆત કરવા છતાં પણ સરકાર તરફથી હકારાત્મક જવાબ નહીં મળતાં છેલ્લા ત્રણ દિવસથી નવી સિવિલ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ યુનિફોર્મની જગ્યાએ સાધી કપડા પહેરી માત્ર માથે એપ્રેન્ટ ધારણ કરી ફરજ બજાવવામાં આવે છે. અમારી વિવિધ માંગણીનો ઉકેલ નહીં આવશે તો આંદોલનને આગળ ધપાવીશું.

સીએ કદમ દોશી અને મુમુક્ષુ વિદિશા દોશીની ભાગવતી પ્રવ્રજ્યાનો ઉત્સવ

સુરત

રાંદેર રોડ સ્થિત ઋષભ ચાર રસ્તા પાસે ઋષભ ટાવરમાં અધ્યાત્મયોગી પૂ. આચાર્ય શ્રી કલાપૂર્ણસુરિજી મ.ના. શિષ્ય જૈનાચાર્ય પૂ.કુમુદચંદ્રસૂરિજી મ.પૂ.આ. શ્રી અનંતયશસૂરિજી મ., પૂ. પંન્યાસ પ્રવર શ્રી પદ્મદર્શન વિજયજી મ. તેમજ અન્ય પૂ.શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશમાં મુમુક્ષુ શ્રી કદમ પ્રભુભાઈ દોશી ઉ.વ.૨૫ અને મુમુક્ષુ વિદિશા રમણીકભાઈ દોશી ઉ.વ.૨૮ની ભાગવતી પ્રવ્રજ્યા નિમિત્તે પત્રિકા લેખનનો સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં પરિવારજનો અને સ્નેહીજનો જોડાયા હતા. જૈન ધર્મના ઐતિહાસિક તીર્થો અને શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોને નિમંત્રણ સ્વરૂપ આ પત્રિકાઓ લખાઈ હતી. બંનેય મુમુક્ષુઓએ પૂ. આચાર્ય ભગવંતાદિ શ્રમણ-શ્રમણી ભગવંતો તેમજ સકલ સંઘના અક્ષત અને સુવર્ણ પુષ્પોથી વધામણા કર્યા હતા. આ પાવન પ્રસંગે પૂ. આ.કુમુદચંદ્રસૂરિજી મ.અને પૂ.આ. અનંતયશસૂરિજી મ.આદિ શ્રમણ ભગવંતોએ જૈન શાસનની દીક્ષાનું મહત્ત્વ સમજાવ્યું હતું અને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પૂ.પનંયાસ શ્રી પદ્મદર્શનજી મહારાજે સંયમ જીવનના શ્રામણ્યને ઉજાગર કરતા જણાવ્યું હતું કે, એકવીસમી સદી ભલે વસમી હોય પણ જૈન શાસનનો તો અભ્યુદય થઈ રહ્યો છે. આ વર્ષે ૧૦૦ ઉપરાંત ભારતના વિવિધ ક્ષેત્રોમાં દીક્ષાઓ થઈ રહી છે. આશ્ચર્ય તો એ છે કે ગ્રેજ્યુએટ દિકરા અને દિકરીઓ પ્રભુના પંથે પ્રયાણ કરી રહ્યા છે.

ખ્વાજાગરીબ નવાઝ ટ્રસ્ટ દ્વારા દર્દીઓને ભોજન અપાયું

ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટ આયોજિત મોટાપીર અબ્દુલ કાદીર જીલાની (ગૌષે આઝમ દસ્તગીર)ના ઉર્સ (પુણ્યતિથિ)ના પ્રસંગે સ્મીમેર હોસ્પિટલ સહારા દરવાજા, સુરત ખાતેના ૩૦૦ દર્દીઓને સાંજનું ભોજન તા.૧૩-૧-૨૦૧૯ના રવિવારે પીરસવામાં આવ્યું હતું. જેમાં ખ્વાજા ગરીબ નવાઝ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ આસિફભાઈ ચીડીમાર, ઉપપ્રમુખ સબ્બીરભાઈ દડા, સેક્રેટરી ફયાઝભાઈ ચીડીમાર, હામીદતેલી, દિવ્યાંગ પચ્ચીગર, અદનાન શેખ, ઈરફાન ગગન, અસ્ફાક ભીમાણી, સિકંદર મામા તથા ટ્રસ્ટની બહેનો પણ હાજર રહી સેવા કાર્ય કર્યું હતું.

સ્કૂલ-કોલેજો પાસે તમાકુ પ્રોડકટ વેચનારા દંડાયા

ડે.કમિશનર હેલ્થ અને હોસ્પિટલ તથા ડીઝીગ્નેટેડ ઓફિસરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓની તા.૧૬-૧-૨૦૧૯ના રોજ અત્રેના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુલ ૧ સંસ્થામાં આરોગ્યલક્ષી ખામી જણાતાં નોટીસ આપવામાં આવેલ તેમજ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળનાં લાયસન્સ-રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ ૮ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

તા.૨૩'મીએ ખેરગામનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

ખેરગામ તાલુકાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩મી જાન્યુઆરી-૨૦૧૯ ના બુધવારે મામલતદાર કચેરી ખેરગામ ખાતે ૧૧-૦૦ કલાકે યોજાશે. જે માટે 'ફરિયાદ નિવારણ કાર્યક્રમ જાન્યુઆરી-૨૦૧૯' દર્શાવી અરજી મામલતદારશ્રી, ખેરગામને મોકલી આપવી. અરજીમાં કયા ખાતાને લગતી બાબત છે તે અવશ્ય દર્શાવવાનું રહેશે. એમ મામલતદારશ્રી ખેરગામ દ્વારા જણાવાયું છે.

નવસારીમાં વિશ્વશાંતિ તથા મહિલા સુરક્ષા યજ્ઞ

તપસ્યા નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી અને આર્યસમાજ ટ્રસ્ટ નવસારીના સાંનિધ્યમાં નવસારીમાં પ્રથમવાર તા.૨૦ મી જાન્યુઆરી-૨૦૧૯ ના રવિવારે સવારે ૧૦-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી સિવિલ હોસ્પિટલ પાસે, ઘેલખડી, વિજલપોર ખાતે વિશ્વશાંતિ તથા મહિલા સુરક્ષા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞ કાર્યક્રમ આર્ય સમાજની વૈદિક પરંપરા અનુસાર ૧૮૪ વન ઔષધિથી બનેલ સામગ્રીનો ઉપયોગ થશે.

સીએની ઓફિસમાંથી રોકડા ૭૭૫૦૦ ચોરાયા

ચાર્ટડ એકાઉન્ટન્ટની ઓફિસમાંથી અજાણ્યા તસ્કરે રોકડા રૂપિયા ૭૭,૫૦૦ની ચોરી કરી હતી. આ અંગે પુણા પોલીસમાં ફરિયાદનોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. કડોદરા-સુરત રોડ ટાઈમ સ્કવેરમાં ઓફિસ નં. ૩૧૭, ૩૧૮ના બાથરૂમની જાળી તોડી અજાણ્યા તસ્કરે ઓફિસના ટેબલમાથી રોકડા રૂપિયા ૭૭,૫૦૦ની ચોરી કરી ગયો હતો.

સાપુતારા ટેબલ પોઈન્ટ પર સુરતની મીની ટ્રાવેલ્સ બસને નડેલો અકસ્માત

બસ પલ્ટી જતા ૧૦ મહિલાઓ અને ૩ બાળકો ઘવાયા

સુરત

આજે બપોરે સાપુતારાના ટેબલ પોઈન્ટ ખાતે સુરતની મીની ટ્રાવેલ્સ બસ પલટી જતા ૧૦ મહિલાઓ અને ૩ બાળકોને નાની મોટી ઈજાઓ થતા તેઓને ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે ટ્રાવેલ્સ બસ પલટી થવાની દુર્ઘટના સર્જાઈ હતી. સુરતના બારડોલીથી આજે મળસ્કે મીની ટ્રાવેલ્સ બસ ગીરીમથક સાપુતારાની પ્રવાસે ગઈ હતી. શ્રી શનેશ્વરી ટ્રાવેલ્સની બસ બપોરે ૧૨ કલાકે સાપુતારા ખાતે પહોંચી હતી. ટેબલ પોઈન્ટ ઉપર બસ ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી દેતા બસ પલટી થઈ હતી. બસમાં સવાર ૧૦ મહિલાઓ અને ૩ બાળકોને નાની મોટી ઈજાઓ થઈ હતી. આ દુર્ઘટનાની જાણ થતા જ ૧૦૮ અને પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. દુર્ઘટનામાં કોઈપણ પ્રકરણની જાનહાનિ થઈ નહતી. પ્રવાસીઓને નાની મોટી ઈજા થતા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

સ્વચ્છતા જાગૃતિનો નવો કીમિયોઃ કચરો નાંખનારને કુળદેવીના સોગંદ

સુરત

દેશમાં વડાપ્રધાન મોદી દ્વારા સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં દરવર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત દેશના વિવિધ શહેરોને ક્રમ આપવામાં આવે છે. આથી દેશના તમામ મોટા શહેરોમાં સ્વચ્છતાની હરિફાઈએ જન્મ લીધો છે.

જો વાત કરવામાં આવે ગુજરાતના સુરત શહેરની, તો ૧૯૯૪માં પ્લેગની મહામારી પહેલા આ શહેર ગુજરાતનું ગંદૂ શહેર ગણાતું હતું. જો કે ત્યાર બાદ આ શહેર સ્વચ્છતા અંગે જાગૃત થયું અને તેણે પોતાની ગંદા શહેર તરીકેની ઈમેજમાંથી હીરાની નગરી તરીકેની ઓળખ મેળવી હતી. જો કે છેલ્લા થોડા સમયથી સુરતમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે, પરિણામે સ્થાનિક કોર્પોરેટરો લોકોને અવનવી રીતે જાગૃત કરતા જોવા મળી રહ્યાં છે.

વર્ષ ૨૦૧૭માં કેન્દ્ર સરકારે જાહેર કરેલા સ્વચ્છ ભારત રેકિંગમાં ઈન્દોર પ્રથમ ક્રમે આવ્યું હતું. એ સમયે ગુજરાતના માત્ર ૨ શહેરો સુરત અને વડોદરા જ આ યાદીમાં ટોપ ૧૦માં સ્થાન મેળવી શક્યા હતા. જેમાં સુરત ૪ અને વડોદરાએ ૧૦મો ક્રમ મેળવ્યો હતો.

હાલમાં સુરત શહેર ફરીથી પાછું ગંદુ થવા જઈ રહ્યું છે. શહેરમાં ઠેરઠેર ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. આવા સમયે શહેરના કોર્પોરેટર લોકોને સ્વચ્છતા અંગે જાગૃત કરવા માટે સક્રિય થયા છે. જેમાં સ્થાનિક કોર્પોરેટર દ્વારા લોકોને ગંદકી અટકાવવા માટે કુળદેવીના સોગંધ આપવા પડી રહ્યા છે.

ડાઈંગ મિલમાં કરંટ લાગતાં દાઝેલા યુવકનું મોત નીપજ્યું

સચીન જીઆઈડીસી ખાતે આવેલી સાંઈનાથ પ્રિન્ટીંગ મિલમાં રાત્રે કોઈક રીતે કરંટ લાગતા ગંભીર રીતે દાઝી ગયેલા યુવકનુંમોત નિપજ્યુંહતું. બનાવ અંગે સચીન જીઆઈડીસી પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. સચીન જીઆઈડીસી રામેશ્વર કોલોની ખાતે રહેતો રાજેન્દ્રકુમાર હલકે કુસ્વાહ(ઉ.વ.૨૪) સચીન જીઆઈડીસી ખાતે આવેલી સાંઈનાથ પ્રિન્ટીંગ મિલમાં કામ કરતો હતો.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડિપ્લોમા ઓફ સાયન્સ ઈન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ચાલુવર્ષે આપ્યું)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (ચાલુવર્ષે આપ્યું)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓને એડમીશન લેવામાં તકલીફ પડી હોય તે વિદ્યાર્થીઓને વધુ પ્રવેશ આપવો. વય મર્યાદા-૨૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને ઓબીસી વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ઓરોગ્યલક્ષી ખાસભાડા અને ફી માફ કરવામાં આવશે
- ગર્લ્સ હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા છે, સાથુમાની રહેવાની વ્યવસ્થા છે
- એક જ કેમ્પસમાં ૩૫૦ પથારી ધરાવતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૫૦ પથારી ધરાવતી હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ આવેલી હોવાથી તમામ સવલતો મળશે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો દ્વારા-અલગ-અલગ ક્લાસ રૂમ અને સુરક્ષિત લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, જુદાં જુદાં ધાર્મિક જયંતીની સુવિધા તેમજ વ-કલાક સીકયુરીટીની સુવિધા
- ચુસ્ત શિક્ષકો દ્વારા દરેક વિદ્યાર્થીના અલગ અલગ વિષયનું ટ્યુશન લેવામાં આવશે

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની બેરોજગારી, બેરોજગારી, ઉચ્ચ ભણતર, મોંઘવારી, ઉચ્ચ શિક્ષણ, વિજળી, પાણી, ટ્રાફિક જેવી અનેક સમસ્યાઓ વચ્ચે જીવન જીવવામાં સખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધાન શોધવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે જણાવી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા બાયોડાટાની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહત્તમ કમિશનની જાહેરાત રૂપિયા ૫૫૦ મુજબ વચ્ચેના આવકમાંથી ચુકવવા જતો, જે માટે સાથે ડાયરેક્ટ કોપક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છે.
૩. આપ આપની જાહેરાત કરી શકો છે.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેઠકનું ઉત્તમ મેળવી સમાન કમાણીના પૈસામાંથી

(PLAN - A)
ફાકીના ૫૫૦/- (સોટો જોડવી રાખવી)
આપનો કોડ એક વર્ષ સુધી ટેલુ કરી શકશો.
જેના માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ફ્રીજ ગ્રાહ વર્ષ માટે ૧૦૦૦/- (સોટો જોડવી રાખવી)
આપનો કોડ ફ્રીજ ગ્રાહ વર્ષ માટે ટેલુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ ટેલુ કરાવી ઢગલો કમાવાની તક ગ્રાપ્ત થો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ

કેવડિયા ખાતે હરિયાણા ભવનનો કેવડિયા ગ્રામજનો કરશે વિરોધ : હરિયાણા મુખ્યમંત્રી મનોહર ખટ્ટરનો કરશે વિરોધ





ખાતમુહુર્ત માટે મંડપ ન બનવા દેતા ઘર્ષણ : પોલીસે સુરક્ષા વધારી મંડપ ઉભો કરાવ્યો : છતાં ગ્રામજનો ભજન કરી વિરોધ નોંધાવે છે

રાજ્યસરકાર સંપાદિત જમીનો અને આપેલ વળતરનો પુરાવો આપે ત્યારે અમે ખાલી જમીન કરીશુ :ગ્રામજનોનો હુંકાર

રાજપીપળા :નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું છે ત્યારથી સ્થાનિક આગેવાનો વિરોધ કરતા આવ્યા છે, જેમણે નર્મદા ડેમ, કે સ્ટેચ્યુ નો વિરોધ નથી કર્યો પણ તેમને સરકારની નીતિનો વિરોધ કર્યો છે આજે કરોડોની જમીનો સરકારે મીઠાના ભાવે લઇ લીી તેનું સારું વળતર આપો જમીનો સામે જમીનો, નોકરી ધંધા રોજગાર માટેની તકો આપો પણ આ માંગ સ્વીકારવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી, ત્યારે આજે સરકાર કેવડિયા ગામની જમીન પર હરિયાણા ભવન બનાવવા જઈ રહી છે અને જેનું ખાતમુહત હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર કરશે ત્યારે ખાતમુહર્તના મંડપ બનવા મુદ્દે કેવડિયા ગ્રામજનો અને પોલીસ વચ્ચે આજે ઘર્ષણ થયું હતું અને પોલીસે બંધોબસ્ત વધારી મંડપ ઉભો કરવો પડ્યો હતો.

જોકે આજે હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરની સાથે હરિયાણાના જાહેર બાંધકામ વિભાગના મંત્રી રાવનરબીર સિંઘ અને ઉદ્યોગમંત્રી વિપુલ ગોયેલ તથા ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ દેવેન્દ્ર સિંઘ અને જાહેર બાંધકામ વિભાગના એન્જિનીયર ઇન ચીફ રાકેશ મનોચા સહિત અન્ય અધિકારીઓ પણ આવશે. ત્યારે તેઓ કેવી ડિઝાઈન માં ભવન બનાવશે કેટલું બજેટ થશે જે સમગ્ર બાબત આજે નક્કી કરીને જશે, જેમની સાથે રાજય સરકારના પ્રતિનિધિ ગુજરાતના વન અને પ્રવાસન વિભાગના મંત્રી ગણપતસિંહ વસાવા પણ ઉપસ્થિત રહેશે.ત્યારે આજે ઘર્ષણ થવાના એંધાણ વચ્ચે ખાત મુહર્ત કેવી રીતે થશે તે જોવું રહ્યું સાથે આદિવાસી આગેવાનોને પોલીસ કેવી રીતે કંટ્રોલ કરે છે તે પણ એક સળગતો સવાલ છે.

રાજપીપલા સરકારી બહેરા-મુંગા શાળા ખાતે બે દિવસીય પરિક્ષણ શિબિર ખુલ્લી મૂકતા જિલ્લા કલેક્ટર



રાજપીપળા : નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળા ખાતેની સરકારી બહેરા-મુંગા શાળા ખાતે ઈન્ડીયન ઓઇલ કોર્પોરેશન લિ.વિજ્ઞાપન વિભાગ ગુજરાત રાજય અને ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ-ઉજ્જૈન દ્વારા આયોજીત અને જિલ્લા પ્રશાસન નર્મદાના સહયોગથી બે દિવસીય પરીક્ષણ શિબિર જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાના અધ્યક્ષપદે આજે તા.૧૮/૧/૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ખુલ્લી મુકવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૮ જેટલા દિવ્યાંગ લાભાર્થીઓને યુનીક ડીસએબીલીટી કાર્ડ, શ્રવણ યંત્ર, સિલાઇ મશીન, હાથલારી વગેરે દિવ્યાંગ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લામાં દિવ્યાંગ ભાઈ-બહેનોને તેમની દિવ્યાંગતામાં મદદરૂપ થવા દિવ્યાંગતાના પ્રકાર અને ટકાવારી આધારીત વ્હીલચેર, અંધ માટે ડીઝીટલ લાકડી, સી.પી.ચેર, ડેઈઝી પ્લેયર, સ્માર્ટ ફોન, એમ.આર. કીટ, શ્રવણયંત્ર, ઇલેક્ટ્રીક મોટર સાઇકલ વગેરે તપાસણીના અંતે તેમની યોગ્યતા મુજબના સાધન સહાય વિતરણ કરવામાં આવશે.આ તપાસણી કેમ્પમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રિયંકાબેન ખોઝા , જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતનભાઇ પરમાર, શાળાના આચાર્ય અને શાળા પરિવાર તથા દિવ્યાંગ ભાઈ-બહેનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ગોવાથી ટ્રકમાં રાજકોટ લઈ જવાતો દારૂ અંકલેશ્વર હાઈવે પર ઝડપાયો

રૂા.૨૮.૨૪ લાખના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ

અંકલેશ્વર

દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં દારૂની હેરાફેરી ગુજરાતમાં બંધ થતી નથી. અંકલેશ્વર હાઈવે પરથી તા.૧૭મીની મોડી રાત્રિએ એલસીબીએ દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચના હેડકોન્સ્ટેબલ દિલીપભાઈ ચંદુભાઈને દારૂ ભરેલી ટ્રક પસાર થતી હોવાની બાતમી પેટ્રોલિંગ દરમિયાન મળી હતી. જેને લઈને એલસીબીનાં ઈન્ચાર્જ પી.આઈ. પીએન. પટેલ, પીએસઆઈ ગઢવી, પીએસઆઈ ચૌહાણ સહિત સ્ટાફે અંકલેશ્વર હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન હાઈવેના ટોલનાકા પર બાતમી મુજબની ટ્રક નંબર આરજે-૧૯-જીએ-૨૦૫૦ સુરત તરફથી આવી હતી. એલસીબી સ્ટાફે ટ્રકને અટકાવી તેની તલાશી લેતા તેમાંથી ઓસન બ્લ્યુ બ્રાન્ડના વિદેશી શરાબની ૫૨૨ પેટીઓમાંથી ૮૪૬૦ બોટલો કિંમત રૂા.૧૭,૬૫,૮૦૦ મળી આવી હતી. પોલીસે આ જથ્થા સાથે ટ્રકના ડ્રાઈવર ધનારામ રામચંદ્રજી બિશ્નોઈ રહે. ઝાલોર રાજસ્થાન તથા ક્લીનર ગંગાવિષ્ણુ લક્ષ્મણરામ બિશ્નોઈ રહેવાસી બાડમેર રાજસ્થાનની ધરપકડ કરી હતી. પૂછપરછમાં બંને આરોપીઓએ આ જથ્થો બોરીની ઓથે છુપાવીને રાજકોટ લઈ જવાતો હોવાની કબુલાત કરી હતી. ભરૂચ એલસીબીએ બંને આરોપીઓનો કબજો લઈ અંકલેશ્વર શહેર પોલીસ મથકે ગુનો નોંધાવતા શહેર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દરમિયાન ભરૂચ એલસીબીએ રૂા.૧૭,૬૫,૮૦૦ના વિદેશી શરાબ ઉપરાંત ટ્રક આરોપીઓની અંગઝડતીમાં મળેલ રોકડા રૂપિયા તથા બે મોબાઈલ મળી કુલ ૨૮,૨૪,૬૧૦નો મુદામાલ જપ્ત કર્યો છે.નોંધનીય છે કે અંકલેશ્વર હાઈવે વિદેશી શરાબની હેરપેર માટેનો મુખ્ય ધોરીમાર્ગ બની રહ્યો છે. લક્ઝરિયસ કારથી લઈ ટ્રકો પણ લાખો રૂપિયાના વિદેશી શરાબની હેરફેર કરતા ઝડપાઈ છે ત્યારે પોલીસે આ હેરફેર સદંતર બંધ થાય એ માટે કડક પેટ્રોલિંગ અને વાહનની તલાશીનું અભિયાન છેડવું પડે એમ લાગી રહ્યું છે.



લીંબાયતના મારૂતિનગરમાં ભંગારના ગોડાઉનમાં આગ

પસ્તી, પુઠા અને ચીંધીનો મોટો જથ્થો સળગી ગયો

સુરત

આજે સવારે અગિયાર વાગયાના સુમારે લિંબાયત મારૂતિનગર ખાતે સંજીવની હોસ્પિટલ નજીક ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગતા આજુબાજુના રહેવાસીઓ અને હોસ્પિટલના સ્ટાફમાં ચકચાર મચી જવા પામી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે મારૂતિ નગર ખાતે સંજીવની હોસ્પિટલ નજીક આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ ડુંભાલ, માનદરવાજા અને ડીંડોલી ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ભંગારના ગોડાઉનમાં પુઠા, પસ્તી અને ચીંધીનો મોટો જથ્થો હોવાથી આગની જવાળાઓ ઉંચે સુધી ઉઠતા અને ધુમાડો છવાતા આજુબાજુના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. ફાયર સ્ટાફે આગને કાબૂમાં કરવામાં સફળતા મળી હતી, પરંતુ આગથી પતરાની શેડવાળા કાચા ગોડાઉનમાં રાખેલ ભંગારનો તમામ જથ્થો સળગી ગયો હતો. આગથી કોઇપણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી.

ઝેરી દવા પી પરિવારના સામૂહિક આપઘાતમાં પિતા-પુત્રીનું મોત, પત્ની ગંભીર

સુરત

અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં રહેતા એક પરિવારના ત્રણ સભ્યોએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આસપાસના લોકોને જાણ થતા ત્રણેયને સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવારાર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પતિ-પુત્રીનું મોત નીપજ્યું હતું. જ્યારે પત્નીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.



સ્મીમેર હોસ્પિટલ સ્થિત પરિવારજનોએ જણાવ્યું હતું કે, આપઘાત કરનાર નરેન્દ્ર શિવપુરી કોળી (ઉ.વ.૩૦ રહે. અમરોલી કોસાડ આવાસ) એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરતા હતા. ગુરૂવારના રોજ સવારે નરેન્દ્રભાઈ પત્ની પ્રિયંકા અને માસૂમ દીકરી મૈત્રી સાથે કતારગામ ગુરુકુળ ફરવા ગયા હતા. જ્યાંથી સાંજે પરત ફરી રાત્રીના ભોજન બાદ આખું પરિવાર સૂઈ ગયું હતું. જોકે, શુક્રવારે વહેલી સવારે લગભગ ૪:૩૦ વાગ્યાના અરસામાં પરિવાર ઝેરી દવા પીધેલી હાલતમાં ઘરમાંથી મળી આવતા તાત્કાલિક ઓટો રિક્ષામાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં નરેન્દ્રભાઈને મૃત જાહેર કરાયા હતા. બાદમાં ટૂંકી સારવારના અંતે દીકરી મૈત્રીને પણ મૃત જાહેર કરાઈ હતી. જ્યારે પત્ની પ્રિયંકાની હાલત ગંભીર હોવાનું તબીબો કહીં રહ્યા છે. હાલ અમરોલી પોલીસ આગળની તપાસ હાથ ધરી છે. મૃતકની પત્ની પ્રિયંકાએ ફરજ પર ના તબીબોને જણાવ્યું હતું કે, અમોએ રાત્રીના ભોજનમાં અનાજમાં નાખવાની દવા નાખી રસોઈ બનાવી હતી. ત્યારબાદ આખા પરિવારે આ ભોજન ખાઈ સુઈ ગયા હતા. દીકરીએ પણ તબીબને કહ્યું હતું કે, માતા એ ભોજન કરાવ્યું હતું.

મૂળ યુપીના કોળી સમાજનો પરિવાર કોસાડમાં આવેલા આવાસમાં ઘણા સમયથી રહેતો હતો. દરમિયાન આજે ઝેરી દવા ગટગટાવી આકરું પગલું ભરી લીધું હતું. હાલ તો આર્થિક સંકડામણના કારણે આપઘાત કર્યો હોવાની શંકા સેવવામાં આવી રહી છે. જોકે, સામુહિક આપઘાત અંગેનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.

નાનપુરા જીવન ભારતી રંગ ભવનમાં સંતૂર કોન્સર્ટ યોજાશે

શાસ્ત્રીય સંગીતના ચાહકો માટે સંતૂરના સૂરો માણવાનો અમૂલ્ય અવસર

સુરત

ભારતમાં શાસ્ત્રીય સંગીત પ્રત્યે યુવાનોમાં રસ ક્રમશઃ ઓછો થતો જાય છે, ત્યારે અમેરિકામાં જન્મેલા અને ઉછરેલા યુવાન સંતુર વાદક વિનય દેસાઇ કાશ્મીરના અખરોટના વૃક્ષના કાષ્ઠમાંથી બનેલા અને સો તારો વડે વાતાવરણને મધુર સંગીતથી ભરી દેતા લોકવાદ્ય સંતૂરના સૂરો થકી ભારતીયોને પરંપરાગત સંગીત તરફ પુનઃ ખેંચી લાવવા ભારતભરમાં ભ્રમણ કરી રહયા છે. તા. ૧૯મીએ સાંજે ૮-૩૦ વાગે નાનપુરાના જીવનભારતી સંકુલમાં આવેલા રંગભવનમાં વિનય દેસાઇ સંતૂરના મધુર સૂરો રેલાવશે. સૂરતના બાળરોગ નિષ્ણાત અને તબલાવાદનના ઉસ્તાદ ડો. સંજય નાયક તેમના સૂરોને તબલાંની સંગત આપશે. શાસ્ત્રીય સંગીતના રસીયાઓ માટે યોજાનારા આ કોન્સર્ટમાં નાગરિકો માટે મફત પ્રવેશ રાખવામાં આવ્યો છે. સંતૂરવાદનમાં વિશ્વભરમાં અદભભર્યું સ્થાન હાંસલ કરનાર પંડિત શિવકુમાર શર્માના આ ૨૯ વર્ષીય શિષ્ય વિનય સંતૂરવાદનના પ્રચાર પ્રસાર માટે દેશ- વિદેશમાં કોન્સર્ટ યોજાતા હોય છે. તેઓ વ્યવસાયે વકીલ છે અને અમેરિકામાં પ્રેકટિસ કરે છે.

સો જેટલા તારો વડે બનાવવામાં આવેલું સંતૂરનું વાદન ખૂબજ જટિલ છે. અને તેના સૂરો રેલાવવા ભારે રિયાઝ તથા ઉસ્તાદી માગી લેતું કામ છે. સૂરતમાં સંતૂરવાદનનો આવો કોન્સર્ટ સૌ પ્રથમવાર યોજાઇ રહયો છે, ત્યારે તેને વિનામૂલ્યે માણવા કાર્યક્રમના આયોજકો ડો. પરેશ બી શાહ તથા ડો. કેયુરીબેન શાહ તરફથી સંગીત રસિયાઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.





અંક્લેશ્વર ને.હા.નં-૪૮ ઉપર થી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સૂચના મુજબ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી એન.પટેલ તથા સ્ટાફ ના પોલીસ માણસો દારૂની હેર ફેર અટકાવવા સારૂ ને.હા.નં-૪૮ ઉપર પટ્રોલીગમા હતા તે દરમ્યાન એલ.સી.બીના અ.પો.કો દિલીપભાઈ ચંદુભાઈને મળેલ બાતમી આધારે અંક્લેશ્વર નર્મદા કેબલ બ્રીજના ટોલટેક્ષ પ્લાઝા વોચમા હતા તે દરમ્યાન બાતમી મુજબની ટ્રક નંબર-ઈત્ત ૧૯ ય્છ ૨૦૫૦ ની સુરત તરફથી આવી ભરૂચ તરફ જતા ટોલનાકા ના ટ્રેકમાં આવતા તેને રોકી લઈ ટ્રક ડ્રાઈવર ધનારામ રામચંદ્રજી હરીરામ બિશ્નોઈ રહે-પુનાસા,ઝાલોર ,રાજસ્થાન તથા ક્લીનર ગંગાવિષ્ણુ પ/ ૦ લક્ષ્મણરામ હરીરામ બિશ્નોઈ રહે-ગડરા,બાડમેર,રાજસ્થાન ને પકડી ટ્રક મા તપાસ કરતા જુદી-જુદી બનાવટ ની વિદેશી દારૂ ની પેટીઓ નંગ ૫૨૨ જેમા ભરેલ કુલ બોટલ નંગ-૮૪૬૦ જેની કુલ કી.રૂ.૧૭,૬૫,૮૦૦/- ની મળી આવતા ઈંગ્લીશ દારૂ ની બોટલો તથા ટ્રક તેમજ આરોપીઓ ની અંગઝડતી માંથી બે મોબાઈલ ફોન તથા રોકડા રૂપિય તથા અન્ય મુદ્દામાલ મળી કુલ કી.રૂ.૨૮,૨૪,૬૧૦/- નો મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે અને અંક્લેશ્વર શહેર પો.સ્ટે મા ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરવા મા આવેલ છે. ઉપરોક્ત પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા ગોવા ખાતે થી ટ્રકમાં દારૂનો જથ્થો ભરી રાજકોટ ખાતે મુદ્દામાલ લઈ જતા હોવાની હકીકત જણાઈ આવેલ છે.



પતિ માટે જમવાનું બનાવવા સસરાએ ઠપકો આપતા પુત્રવધૂએ ઝેરી દવા પી લેતા મોત

નાંદોદના રૂંઢ ગામમાં બનેલી ઘટનામાં રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રૂંઢ ગામ માં ગતરોજ સુમિત્રાબેન જીગ્નેશભાઇ વસાવા ઉવઆ ૨૩ ને તેના સસરા અભેસિંગભાઈએ કહ્યું હતું કે તારા પતિ ખેતરેથી થાકીને આવશે તો તેમને જમવાનુ તૈયાર જોઈશે તેમ છતા તમે અત્યાર સુધી કેમ જમવાનુ બનાવ્યું નથી તેમ જણાવતા સુમિત્રાબેનને મનમા લાગી આવતા ઘરની પાછળ જઈ કપાસમા છાંટવાની ઝેરી દવા પી જતા બેભાન અવસ્થામા રાજપીપળા સરકારી દવાખાનામા લાવતા ફરજ પરના ડૉ.એ મૃત જાહેર કરતા આ બાબતની જાહેરાતના આધારે રાજપીપળા પોલીસે અ.મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રાજપીપળામાં દેના બેન્કના એટીએમ ગ્રાહકો મુકાયા મુશ્કેલીમાં!!

જુના એટીએમ ના બદલે નવા પ્લેટેનિયમ કાર્ડ આપ્યા બાદ પિન નંબર માટે અટવાતા ગ્રાહકોને બેન્કમાંથી યોગ્ય મદદ પણ મળતી નથી ફોડ અટકાવવા બેંક દ્વારા કાર્ડ બદલાયા હોવાનું જણાવી ગ્રાહકોને નવા એટીએમ કાર્ડ મોકલાયા પરંતુ પિન નંબર ટોલફ્રી નંબર પર જનરેટ ન થતા મુશ્કેલી

રાજપીપળા : રાજપીપળા શહેરમાં આવેલી દેના બેંકની એકજ શાખા છે જેમાં હજારો ાહકો ખાતા ધરાવે છે એ પૈકી મોટાભાગના ગ્રાહકોના એટીએમના ખાતા છે ત્યારે ટૂંક સમય પેહલા બેંક દ્વારા દરેક એટીએમ ગ્રાહકોને નવા પ્લેટેનિયમ કાર્ડ પોસ્ટ મારફતે મોકલાયા અને એમાં આપેલી સૂચના મુજબ ટોલફ્રી નંબર થકી ગ્રાહકે જાતે એમનો એટીએમ પિન જનરેટ કરવો પડે પરંતુ મહિનાથી આ નંબર પર પિન જનરેટ કરવા પ્રયત્ન કરવા છતાં પિન બનતો ન હોય આ માટે બેંક મેનેજર પાસે જતા ગ્રાહકોને સંતોશકારક જવાબ પણ ન આપી તગેડી મુકવામાં આવે છે ત્યારે ભણેલા ગણેલા ગ્રાહકો જો ટોલફ્રી નંબર પર પોતાના પિન નથી જનરેટ કરી શકતા તો અભણ કે અજાણ ગ્રાહકો શું કરે...? કેમ બેન્કના અધિકારીઓ આ માટે મદદરૂપ થતા નથી...?

એટીએમ ખાતું ખોલાવવાનો કોઈ મતલબ નથી : એક ગ્રાહક

રાજપીપળાના એક ગ્રાહકે જણાવ્યું કે મારે પણ આજ તકલીફ આવતા હું બેંક પર ગયો પરંતુ ત્યાં હાજર કર્મચારીઓએ મેનેજરને મળવા કહ્યું પરંતુ મેનેજરને આ તકલીફ કઈ રીતે દૂર થશે એમ પૂછતાં હમ કુછ નહીં કર શકતે નયા પિન તો આપકો હી બનાના પડેગા અગર ફોન સે નહીં હોતા હે તો અપના એટીએમ રાજપીપળા મેં નહીં હે તો કોઈ ઓર સીટી મેં જાકે બનાલો એવો ઉડાઉ જવાબ મળ્યો હતો ત્યારે હવે ગ્રાહકો શું કરે એ સમસ્યા છે.

તંત્રની રહેમ નજર હેઠળ ચાલતી રેતીની હાઈવા ટ્રકો પર ક્યારે કંટ્રોલ લાગશે?

નાંદોદના જીતનગર પાસે હાઈવા ટ્રકે રાહદારીને ટક્કર મારી ગંભીર ઈજા કરતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા ના જીતનગર પાસે એક પુરપાટ જતી હાઈવા ટ્રકે રાહદારીને અડફટે લેતા ગંભીર ઈજા ના કારણે એનું મોત થયું હતું

પ્રાપ્ત વિગતો અનુસાર જીતનગર પાસેથી જતી હાઈવા ગાડી નંબર જીજે ૨૧ ડબલ્યુ ૭૩૩૦ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની સાઈડમા ચાલતો એક અજાણ્યો પુરૂષ ઉ.વ. ૬૫ નાઓની સાથે એકસીડન્ટ કરી બંને પગે ઘુટણથી નીચેના ભાગે તથા માથામા ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડતા સારવાર માટે રાજપીપળા સીવીલ હોસ્પીટલમા દાખલ કરેલ જયા સારવાર દરમ્યાન મોત થયું હતું આ બાબતે રાજપીપળા પોલિસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે તપાસ પીએસઆઈ જે.આર. ગામીત કરી રહ્યા છે.





કેન્દ્ર સરકારશ્રીએ સવર્ણ સમાજની લાગણી અને માંગણી ધ્યાનમાં લઈ **દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી** એ સવર્ણ સમાજને ૧૦% અનામત આર્થીક રીતે પછાત કુટુંબોને જાહેર કરી જે બદલ રાજપૂત સમાજ આપશ્રીને અભિનંદન પાઠવે છે અને ખુબખુબ આભાર માને છે.

આ સાથે દેશમાં પ્રથમ રાજ્યમાં તાત્કાલ અસરથી ૧૦% સવર્ણો અનામત લાગુ પાડવા બદલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો પણ ખુબખુબ આભાર માને છે.

ભણવામાં હોશીયાર પરંતુ અનામતની સ્પર્ધામાં ટકી ન શકવાથી માનસિક અને આર્થીક રીતે પડી ભાગેલા વિદ્યાર્થીઓને આ ૧૦% અનામત અમૃત સમાન સાબીત થશે.

સમાજ વતી આપશ્રી **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**નો શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ, ભરૂચ ખુબખુબ આભાર માને છે.

મેનેજિંગ ટ્રસ્ટીશ્રી શ્રી કિશનસિંહ ચુ. પરમાર (મો.૯૮૨૪૧ ૦૧૦૩૧)

પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી શ્રી જનકસિંહ બી. દાયમા (મો. ૯૮૨૪૧ ૫૫૮૧૪)

માનદમંત્રીશ્રી / ટ્રસ્ટી શ્રી પ્રવિણસિંહ એ. રણા (મો.૯૪૨૭૧ ૧૫૧૦૧)

હોલસેલ ભાવે છુટકમાં

- કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
- લાલ-પીળા ભગવા અબોટીયા
- લાલ ગમછા (અંગુછા)
- ધાબળા - પોલાર બ્લેન્કેટસ
- સોલાપુરી ચારસા

સીંગલબેડ તથા ડબલ બેડમાં

- પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
- મીન્ક બ્લેન્કેટસ

શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે **"કાશ્મીરી શાલ"**

ફોલ્ડીંગ મચ્છરદાની

મચ્છરના ત્રાસથી બચવા

દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની



ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર **મચ્છરદાની** મળશે.

"છોટા કુબેર" કાપડવાલા

બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.

ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭



બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો



100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.



અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ

સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ

બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ

- ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
- લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
- ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ
- જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ

(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)

Softone
An Advance Audiology
Speech & Hearing Clinics Pvt. Ltd.

વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.

સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800

અડાજણ: ચુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

SF
SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.

0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.

ઉંભરાટ બીચ - નવસારી
www.modiresorts.com

સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ

Ph.: 99250 08830
97272 56004